

સુવર્ણે પધારો પુનઃ કૃપાળુ દેવા રે...
અનુભવવાણી ને દર્શન દેવા રે....
ભવ ભવ હોજો ગુરુચરણોની સેવા રે...

કહાન સંવત-૪ [ ૪૮૮ ] * આત્મધર્મ * [ અંક-૧૨ વર્ષ-૪૦ ] જૂન ૧૯૮૪

# ❊ ગુરુદેવ-સ્તુતિ ❊

[ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના અંતરમાંથી વહેલી ભાવભીની ભક્તિ ]

વિદેહવાસી ક્હાનગુરુ ભરતે પધાર્યા રે,
'ઉજમબા'ને દ્વાર અતિ આનંદ છવાયા રે,
સુવર્ણપુરીમાં નિત્યે ચૈતન્યરસ વરસ્યા રે.
આવો પધારો મારા સદ્‌ગુરુદેવા,
શી શી કરું તુજ ચરણની સેવા,
વિધ વિધ રત્નોના થાળ ભરાવું રે,
વિધ વિધ ભક્તિથી ગુરુને વધાવું રે. ...વિદેહ૦ ॥૧॥

દિવ્ય અચરજકારી ગુરુ અહો ! જાગ્યા,
પ્રભાવશાળી સંત અજોડ પધાર્યા,
વાણીની બંસરીથી બ્રહ્માંડ ડોલે રે,
ગુરુગુણગીતો ગગનમાંહી ગાજે રે. ....વિદેહ૦ ॥૨॥

શ્રુતાવતારી અહો ! ગુરુજી અમારા,
અગણિત જીવોનાં અન્તર ઉજાળ્યાં,
સત્ય ધરમના આંબા રૂડા રોપ્યા રે,
સાતિશય ગુણધારી ગુરુ ગુણવન્તા રે. ...વિદેહ૦ ॥૩॥

કામધેનુ કલ્પવૃક્ષ અહો ! ફળિયા,
ભાવીતણા ભગવંત મુજ મળિયા,
અનુપમ ધર્મધારી ગુરુ ભગવંતા રે,
નિશદિન હોજો તુજ ચરણોની સેવા રે. ....વિદેહ૦ ॥૪॥

નિશદિન ગુરુજીની વાટ અમે જોતા,
અમ અંતરિયામાં દર્શનની આશા,
સવર્ણે પધારો પુનઃ કૃપાળુ દેવા રે,
અનુભવવાણી ને દર્શન દેવા રે,
ભવ ભવ હોજો ગુરુચરણોની સેવા રે. ....વિદેહ૦ ॥૫॥

—o—

કહાન
સંવત ૪
વર્ષ ૪૦
અંક ૧૨
[ ૪૮૮ ]




વીર
સંવત
૨૫૧૦
A. D. 1984
JUNE

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## કહાન–ગુરુ–પ્રસાદ

* હાથના આધારે કપડું ઊંચું થયું નથી પણ કપડું કપડાના આધારે જ ઊંચું થયું છે ને ઊંચું રહ્યું છે.

પ્રશ્ન:—હાથ છોડી દ્યો તો કપડું પડી જશે!

સમાધાન:—હાથ જ કોણે ઊંચો કર્યો છે? ને હાથે કપડાને ક્યાં સ્પર્શ કર્યો છે કે હાથ કપડાને છોડે? અરે! કપડાને તો હાથ સ્પર્શતો નથી પણ કપડામાં નીચેના પરમાણુને પણ ઉપરનો પરમાણુ સ્પર્શતો નથી. અરે! એથી પણ સૂક્ષ્મ તો એ છે કે જ્ઞાન ખરેખર રાગને સ્પર્શતું નથી અને એથી પણ સૂક્ષ્મતાથી જોઈએ તો ચારિત્રની એક ક્ષણની પર્યાયમાં જેટલો શુદ્ધ અંશનો ભાગ છે તે અશુદ્ધ અંશને પણ સ્પર્શ કરતો નથી. આવો અચિંત્ય વસ્તુસ્વભાવ છે.

* ભાઈ! આ પરમેશ્વર તત્ત્વની રુચિ લાવ, પ્રતીતિ લાવ, વિશ્વાસ લાવ, પોતે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, પરિપૂર્ણ સ્વરૂપથી ભરેલો પોતે જ પરમાત્મા છે એને અપૂર્ણ પર્યાયવાળો માનવો એ પણ મિથ્યા ભ્રમ છે, રાગને પોતાનો માનવો એ તો મિથ્યાત્વ છે જ.

* રાગથી જુદો પડતા એકદમ આત્મામાં જવાય છે. આ હું નહિ, આ હું નહિ, રાગ તે હું નહિ ને આ જ્ઞાનમૂર્તિ તે જ હું એમ અંદર ચાલતાં ચાલતાં આત્મામાં આવી જવાય છે પણ એ વાતો બહુ આકરી છે, અલૌકિક છે છતાં અંદરના પ્રયત્નથી થઈ શકે તેવી છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

# મૂળમાંથી ઊછળે તેનું જ નામ જ્ઞાન

પરમ કલ્યાણકારી પૂજ્ય ગુરુદેવની જન્મજયંતી પછી
પ્રશમમૂર્તિ પૂ. બહેનશ્રી ચંપાબેનના અંતરમાંથી વહેલા
ગુરુભક્તિભીના સ્વાનુભવરસઝરતા તાત્ત્વિક ઉદ્‌ગાર

[સંકલિત]

ગુરુદેવની બીજ (જન્મજયંતી–વૈશાખ સુદ બીજ) ગઈ ને! એટલે બીજના જ ભણકારા વાગે છે. ગુરુદેવનો જન્મ બીજના દિવસે થયો. બીજ પછી પૂનમ થાય જ, તેમ ગુરુદેવે અંદરમાં સમ્યક્ત્વની બીજ ઉગાડી છે તો આત્મા પૂર્ણસ્વરૂપ થશે જ. આમ પૂર્ણશક્તિના લક્ષે ને આમ પૂર્ણ વીતરાગતા પ્રગટ કરવાના લક્ષે—આમ દ્રવ્યના લક્ષે ને આમ પૂર્ણતાને પહોંચવાના લક્ષે—પૂર્ણ પર્યાયસ્વરૂપ પૂનમ પ્રગટ થાય છે.

ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા. તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે. અહીં તો ભગવાનની, જિનેન્દ્રમંદિરોની ને ગુરુદેવની જ મંગળ છાયામાં રહેવાય છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને એમની મંગળ પ્રભા જ્યાં પથરાઈ હોય એ મળવું મુશ્કેલ છે.

*

સ્વાનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. જ્ઞાયકની અનુભૂતિની બીજ ઊગે તો અવશ્ય પૂનમ થાય જ. ગુરુદેવના પ્રતાપે ચારે બાજુ 'અનુભૂતિ કરો, અનુભૂતિ કરો' એમ થઈ ગયું છે. પહેલાં તો બધા ક્રિયાકાંડમાં પડ્યા હતા; અત્યારે આવા વિષમ કાળે આવા ગુરુ મળ્યા ને તેમણે બાહ્ય ક્રિયા નહિ, પણ અંતર અનુભૂતિની ક્રિયાનું રહસ્ય બતાવ્યું. જીવ અનંત કાળમાં બધું કરી ચૂક્યો છે—ત્યાગ કર્યો, અથાગ વૈરાગ્ય લીધો, પણ મુક્તિનો માર્ગ ન મળ્યો. તે અંતરનો માર્ગ મેળવવા અંતરમાં જ્ઞાયકની

સમીપતા કર, જ્ઞાતાધારાની ઉગ્રતા કર, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. એક વાર વિભાવને પીઠ દીધી તે દીધી. વિભાવને શ્રદ્ધામાં પૂરેપૂરી તિલાંજલિ દઈ દ્રવ્યનું પૂરેપૂરું જોર લાવ. થોડી પણ કચાશ હશે તો અંદર નિર્વિકલ્પતા પ્રગટ નહિ થાય. વિભાવ અંદર જરાય પાલવે એવો નથી. વિભાવ સાથે અંશે પણ એકત્વ તને અંદર જતાં રોકશે. તારાં નયનની આળસે તું રોકાયો છે. હરિ અર્થાત્ પરમાત્મા પોતાની પાસે જ છે, પોતે જ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો ચૈતન્યદેવ અખૂટ ભંડાર છે, રત્નોથી ભરેલો પર્વત છે, અનુપમ છે; તારે જે જોઈતું હશે તે બધું એમાંથી જ મળશે. જ્ઞાન પણ એમાંથી ને આનંદ પણ એમાંથી જ પ્રગટશે. તે જ્ઞાનાદિ બહાર આવશે તો તને પોતાને આશ્ચર્ય થશે—અહો, આવું જ્ઞાન! આવો આનંદ!

આત્મા કામધેનુ છે, કલ્પવૃક્ષ છે, એમાંથી જ્યારે જે જોઈએ તે મળી રહેશે. તું જે ઇચ્છશે તે અંદરમાંથી મળશે. સ્વભાવમાંથી મનોવાંછિત ફળ મળશે. એક ઉપયોગને અંદર મૂકતાં તો કેટલુંય ફાલી નીકળશે. એક ચૈતન્ય પર દૃષ્ટિ મૂક તો એનાં ફળ એવાં પાંગરી જશે કે અંદરથી સહજ જ્ઞાન આવશે, આનંદ આવશે, એમાં ગોખવું કે ધારવું નહિ પડે, કોઈ પણ જાતની આકુળતા વગર નિરાકુળપણે આવ્યા જ કરશે. એનો એક અંશ પણ અનંતું લઈને આવશે, પૂર્ણતા થાય એની તો શી વાત? તને આશ્ચર્ય થશે કે એક અંશમાં આટલું તો પૂર્ણતામાં કેટલું?

તે અંશ સહજ અનંતું લઈને જ આવશે. સ્વભાવમાં છે તે ક્યાં જાય? એને કોણ લઈ જાય? એને વિઘ્ન કરનાર કોણ છે? એને રોકનાર કોણ છે? કોઈ રોકનાર નથી; રોકાય તો પોતાના પુરુષાર્થની નબળાઈથી જ. એક અંશ અનંતું લઈને જ આવે. સર્વગુણાંશ તે સમકિત. એક અંશના વેદનમાં અનંતી શક્તિનું વેદન છે.

જેમ દરિયો અંદરથી ઊછળે તો તે પાણીને કોણ રોકી શકે? બહારનાં પાણી ભેગાં કરતાં દરિયો ન ભરાય; અંદરથી દરિયો જે ઊછળે તે ઉછાળો જુદો જ હોય; તેમ ધારણાજ્ઞાનથી પાર ન આવે, બહારનો ક્ષયોપશમ ગમે તેટલો ભેગો કરે, પણ તે કામ ન આવે. માટે તું અંદરમાં

ભેદજ્ઞાનનો સમ્યક્ પ્રયાસ કર. એક દ્રવ્યદૃષ્ટિનો દોર મુખ્ય રાખજે. એક દ્રવ્યને ગ્રહણ કર્યા પછી દ્રવ્ય તારી સાથે જ રહેવાનું છે, તું પોતે જ દ્રવ્ય છો.

દ્રવ્યદૃષ્ટિ કરીને સમ્યક્ પર્યાય પ્રગટ થઈ તો પૂર્ણ શુદ્ધતા પ્રગટ્યે જ છૂટકો. શુદ્ધતાનો સાગર અંદરથી એકદમ ઊછળશે. દરેક ગુણ સાગરની માફક ઊછળશે. એક અંશ અનંતું લઈને આવે, પછી આગળ વધતાં મુનિદશા, ને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન;...ત્યાં તો અનંત અનંત ગુણો શુદ્ધતાથી ભરેલા ઊછળશે. મુનિદશામાં તો અનંતું પ્રગટે પણ કેવળજ્ઞાન થતાં તો એનાથી અનંત-અનંતગણું ઊછળશે; કારણ કે એ વીતરાગદશા છે. વીતરાગ થયા પછી શુદ્ધતા પૂરેપૂરી ઊછળશે. માટે, નિરન્તર શુદ્ધતાથી ભરેલો હું જ્ઞાયક છું, શુભાશુભ ભાવરૂપ હું નથી, જ્ઞાન ને આનંદાદિ અનંત ગુણોથી ભરેલો હું ભગવાન છું—એવા વિકલ્પોને નહિ પણ જાણનારના મૂળ અસ્તિત્વને ગ્રહણ કર. દ્રવ્યને ગ્રહણ કર એમાં બધું આવી જશે.

અનંત ગુણોની પૂર્ણ શુદ્ધતારૂપ આત્મપર્યાયમાં જે અનંત જ્ઞાન છે તે બધાને પહોંચી વળનારું છે. અનંત દ્રવ્યોનાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય, ભૂત-વર્તમાન-ભાવીની પર્યાયોના અનંત અવિભાગપ્રતિચ્છેદરૂપ અંશો વગેરે બધું જેમાં દેખાય એવું દિવ્ય જ્ઞાન—બધાને પહોંચી વળનારું જ્ઞાન—તારામાં ઊછળશે. ત્યાં અનંત આનંદનો સાગર, બળનો સાગર, શાન્તિ-સમાધિનો સાગર—પ્રભુતા વિભુતા આદિ અનંત શક્તિઓ કે જેનો કોઈ પાર નથી તે શક્તિઓ—ઊછળશે. શક્તિરૂપે તો પૂરેપૂરો પડેલો જ છે; મતિ-શ્રુતનો વ્યાપાર જ્યાં સ્વરૂપસન્મુખ થશે ને સમસ્ત વિકલ્પ તૂટશે ત્યાં કેવળજ્ઞાનરૂપે પૂર્ણ ઊછળી જશે.

સમ્યગ્દર્શનમાં શુદ્ધતા પ્રગટે એના કરતાં મુનિદશામાં અનંતગણી વધુ શુદ્ધતા પ્રગટે, અને કેવળજ્ઞાનમાં તો અનંતાનંતગણી અર્થાત્ પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટે. મૂળમાંથી ઊછળે તેનું જ નામ જ્ઞાન.

જ્ઞાનીનું લક્ષણ :

# જ્ઞાનસ્વરૂપમાં રહીને જ્ઞાતાપણે રાગાદિને જાણતો જ્ઞાની

[ શ્રી સમયસાર, ગાથા-૭૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

શિષ્ય પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એ કઈ રીતે ઓળખાય ? જ્ઞાનીના લક્ષણ-એંધાણ-ચિહ્ન શું ? તેને ઉત્તરરૂપ ગાથા કહે છે :

પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

નિશ્ચયથી અંદરમાં થતો પર તરફની સાવધાનીના ભાવરૂપ મોહ, રાગ, દ્વેષ સુખ, દુઃખ આદિરૂપ અંતરંગમાં ઉત્પન્ન થતાં ભાવકર્મ ને દ્રવ્યકર્મના પરિણામ તથા સ્પર્શ, રસ આદિરૂપ બહાર ઉત્પન્ન થતા નોકર્મના પરિણામ, તે બધુંય પુદ્ગલપરિણામ છે. દયા-દાન આદિરૂપ જે પરિણામ છે તે પુદ્ગલના પરિણામ છે.

પરમાર્થે, જેમ માટી કર્તા ને ઘડો તેનું કાર્ય છે, માટી વ્યાપક ને ઘડો વ્યાપ્ય છે, ઘડાને ને માટીને એવો વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે, તેમ પુદ્ગલપરિણામને ને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા પુદ્ગલ છે. અહીં સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે તેથી રાગાદિ પરિણામનો કર્તા પુદ્ગલદ્રવ્ય છે. કેમ કે વિજ્ઞાનઘન આત્માનું કાર્ય તો જ્ઞાન છે.

પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલદ્રવ્ય પુદ્ગલપરિણામનો કર્તા છે એટલે કે દયા-દાન-વ્રતાદિ પરિણામને પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે. અહીં તો આત્માને જગતનો સાક્ષી સિદ્ધ કરવો છે ને ! જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ વ્યાપક થઈને જે કાર્ય થાય તે જાણવા-દેખવારૂપ પરિણામ થાય. તેથી અહીં કહે છે કે કર્મ પોતે સ્વતંત્રપણે કર્તા થઈને વિકારના પરિણામને કરે છે. કેમ કે વીતરાગસ્વરૂપી પ્રભુ રાગપણે કેમ થાય ? તેથી પર્યાયમાં રાગાદિ થાય તેનો કર્તા પુદ્ગલકર્મ પોતે છે.

અહીં સ્વભાવની દૃષ્ટિથી કથન કરવું છે ને સ્વભાવમાં વિકારને કરે એવો કોઈ ગુણ નથી. તેથી વિકારી પર્યાયનું કાર્ય આત્માનું નથી. કર્મ સ્વતંત્રપણે કર્તા થઈને પુદ્ગલ પરિણામનો એટલે કે રાગાદિનો કર્તા છે અને રાગાદિ પુદ્ગલ પરિણામ તે વ્યાપક વડે એટલે કે પુદ્ગલકર્મ વડે સ્વતંત્ર વ્યપાતું હોવાથી તેનું કર્મ છે.

ભગવાનની ભક્તિ-સ્તુતિનો કર્તા પુદ્ગલકર્મ છે એમ અહીં કહે છે! કેમ કે ભગવાનની ભક્તિ આદિના ભાવ પુદ્ગલકર્મ વડે વ્યપાતું હોવાથી તે પુદ્ગલકર્મનું કાર્ય છે.

જેમ કુંભાર વ્યાપક ને ઘડો તેનું વ્યાપ્ય અર્થાત્ કુંભાર કર્તા ને ઘડો તેનું કાર્ય—એમ નથી, તેમ રાગાદિ પરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાના અભાવને લીધે કર્તાકર્મપણાનો અભાવ છે. દયા-દાન આદિના પરિણામને ને આત્માને, ઘડા ને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે એટલે કે આત્મા વ્યાપક થઈને વિકારને કરે એવો અભાવ છે. જેમ કુંભાર કર્તા ને ઘડો કર્મ—એમ નથી, તેમ આત્મા વ્યાપક-કર્તા ને રાગાદિપરિણામ વ્યાપ્ય-કાર્ય એમ નથી. પરમાર્થે કુંભાર ઘડાને કરતો નથી તેમ વિકારને આત્મા કરતો નથી. પરંતુ પુદ્ગલપરિણામના જ્ઞાનને એટલે કે વિકારના પરિણામ થયા તેના જ્ઞાનને અર્થાત્ જે કાળે દયા-દાન આદિ થયા તે કાળે સ્વપર-પ્રકાશકપણાને લીધે જે જ્ઞાન સ્વયં થયું એ જ્ઞાનના કાર્યને આત્મા કરે છે, જ્ઞાનના કાર્યપણે આત્મા પરિણમે છે. અહીં તો પ્રભુની વાત છે! પામરતા થાય તેનો કર્તા પ્રભુ ન હોય!

પુદ્ગલપરિણામના કાળે એટલે કે રાગાદિ પરિણામના કાળે સ્વતંત્રપણે જ્ઞાન પોતાના ષટ્કારકોથી પરિણમે છે, રાગનાં પરિણામનું જ્ઞાન એ આત્માનું કાર્ય એમ કહેવું એ પણ ભેદ કથન વ્યવહાર છે. રાગનું જ્ઞાન થયું એમ કહેવું તે પણ વ્યવહાર છે ને જ્ઞાનનો કર્તા આત્મા એમ કહેવું પણ વ્યવહાર છે. રાગનો કર્તા તો આત્મા નથી પણ એ રાગ સંબંધી જ્ઞાનના પરિણામનો કર્તા આત્મા કહેવો એ પણ ઉપચાર છે. રાગનો કર્તા આત્મા નથી એમ સમજાવવું છે તેથી આત્મા કોનો કર્તા છે?—કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા આત્મા છે એમ કહ્યું. પણ ખરેખર તો એ પણ ઉપચાર કથન છે. જ્ઞાનનો કર્તા જ્ઞાન પોતે છે.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો તેનું જ્ઞાતાપણે જ્ઞાન કરે છે એ જ્ઞાનને કર્મપણે-કાર્યપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. જ્ઞાનીનું લક્ષણ શું? એમ શિષ્યનો પ્રશ્ન હતો ને!—તેનો આ ઉત્તર ચાલે છે.

રાગનું જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે તે હવે સમજાવે છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિનું જ્ઞાન એટલે કે તે સંબંધીનું જ્ઞાન કે જે જ્ઞાનનું જ જ્ઞાન છે, દયા-દાન આદિનું નથી, તે જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે તે હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

જેમ ઘડાને ને કુંભારને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. તેમ પુદ્ગલ પરિણામનાજ્ઞાનને ને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી જ્ઞાનનો કર્તા પુદ્ગલ નથી. પુદ્ગલકર્મ

કર્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય એવા કર્તાકર્મપણાનો અભાવ છે. પરંતુ જેમ ઘડાને ને માટીને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણાનો સદ્ભાવ છે તેમ આત્માના જ્ઞાનપરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો કર્તા આત્મા છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને જ્ઞાન, દર્શન આદિના પરિણામને તથા રાગાદિના જ્ઞાનના પરિણામને આત્મા કરે છે. અને આત્મપરિણામ એટલે કે રાગાદિના જ્ઞાનના પરિણામ વ્યાપક વડે સ્વયં વ્યપાતા હોવાથી તે આત્માનું કર્મ છે. વળી જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે માટે પુદ્ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે એમ નથી તથા રાગ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે એમ પણ નથી. આત્મા રાગાદિનું જ્ઞાન કરે છે માટે રાગાદિ જ્ઞાતાનું વ્યાપ્ય છે એમ નથી. કારણ કે પુદ્ગલને ને આત્માને એટલે કે રાગને ને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એટલે કે રાગ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ્ઞાતાનું વ્યાપ્ય છે, કાર્ય છે માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.

ધર્મીનું ચિહ્ન શું?—કે રાગાદિ ને નોકર્મના જે પરિણામ થાય તેને જ્ઞાની જ્ઞાનમાં રહીને જાણતો થકો જ્ઞાનના કર્તાપણે પરિણમે છે તે જ્ઞાની છે. પર્યાયમાં જે રાગદ્વેષ થાય એ જ્ઞાનીને થયા નથી, પુદ્ગલને થયા છે. દયા–દાન આદિના જે પરિણામ થાય એ સમ્યગ્દૃષ્ટિ જીવનું કાર્ય નહિ. જ્ઞાની છે એ રાગના પરિણામથી ભિન્ન પડીને જ્ઞાનપણે પરિણમે છે. એવા જ્ઞાનીને વ્રતાદિના જે પરિણામ થાય તે પુદ્ગલ-કર્મના પરિણામ છે. જ્ઞાનીને જ્ઞાનના પરિણામની સબળાઈ છે. જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે તેનું કાર્ય તો શુદ્ધ પરિણામ છે. વિકારના પરિણામ છે તે સ્વતંત્રપણે પુદ્ગલ-દ્રવ્ય વડે વ્યપાતા હોવાથી પુદ્ગલના પરિણામ છે.

છ પ્રકારના જ્ઞેયોની તે તે કાળે જે પર્યાય થાય છે તે તેનો જન્મક્ષણ છે, પરથી થતી નથી. દરેક પર્યાયનું થવું તે તેની કાળલબ્ધિ છે. અહીં તો પર્યાયની દૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેને જે દયા-દાન આદિના પરિણામ થાય તે પુદ્ગલનું કાર્ય છે એમ જ્ઞાની જાણે છે ને એમ જ છે. કેમ કે દ્રવ્યની દૃષ્ટિ થઈ છે ને દ્રવ્યમાં વિકારના પરિણામને કરે એવો કોઇ સ્વભાવ નથી તેથી વિકારના પરિણામનો કર્તા પુદ્ગલ છે. અહીં તો જ્ઞાનીનું લક્ષણ શું?—એ વાત ચાલે છે.

જ્ઞાની કોને કહેવો?—કે જેની વર્તમાન પર્યાયે પર્યાયવાનને–દ્રવ્યસ્વભાવને પકડી લીધો છે તેને દયા-દાન આદિ પરિણામ થાય તે પુદ્ગલનું કાર્ય જાણે તે જ્ઞાની છે. દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિવંત જ્ઞાની વિકારના પરિણામને, જેમ કુંભાર ઘડાને કરતો નથી તેમ પરમાર્થે કરતો નથી. પરંતુ રાગાદિ વિકાર સંબંધીનું જે જ્ઞાન એ જ્ઞાન પરિ-ણામ મારું કાર્ય છે ને હું જ્ઞાનનો કર્તા છું એમ ધર્મી માને છે. * * *

# શાસ્ત્ર-અભ્યાસનું પ્રયોજન : આત્માને જાણ

[ 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૩૮૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

* જીવ ભલે ગમે તેટલાં શાસ્ત્રો ભણે, વાદવિવાદ કરી જાણે, પ્રમાણ-નય-નિક્ષેપાદિથી વસ્તુની તર્કણા કરે, ધારણારૂપ જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે, પણ જો જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને પકડે નહિ અને તદ્રૂપ પરિણમે નહિ, તો તે જ્ઞેયનિમગ્ન રહે છે, જે જે બહારનું જાણે તેમાં તલ્લીન થઈ જાય છે, જાણે કે જ્ઞાન બહારથી આવતું હોય એવા ભાવ વેદ્યા કરે છે. બધું ભણી ગયો, ઘણાં યુક્તિ-ન્યાય જાણ્યાં, ઘણા વિચારો કર્યા પણ જાણનારને જાણ્યો નહિ, જ્ઞાનથી મૂળ ભૂમિ નજરમાં આવી નહિ, તો તે બધું જાણ્યાનું શું ફળ? શાસ્ત્રાભ્યાસાદિનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો તે છે. ૩૮૧.

જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો જાણી લે કે વાદવિવાદ કરી જાણે કે પ્રમાણ-નય-નિક્ષેપથી વસ્તુને તર્કબદ્ધ કહે કે ધારણાથી જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે પણ જ્ઞાનસ્વરૂપી મોજૂદગીવાળી ચીજ છે તેમાં પર્યાયને ન લઈ જાય અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને ન પકડે તથા તદ્-રૂપ પરિણમે નહીં તો એ બધું શું ચીજ છે?

આનંદની ધારારૂપ પરિણમન ન હો, શાંતિની ધારારૂપ પરિણમન ન હો તો એ બધું પરજ્ઞેયનિમગ્ન છે. સ્વજ્ઞેયને જાણે નહીં ને શાસ્ત્રજ્ઞાન, ધારણા આદિ બધું કરે ત્યાં સુધી પરજ્ઞેય નિમગ્ન છે. સ્વજ્ઞેયરૂપ ભગવાનમાં નિમગ્ન ન હોય ને શાસ્ત્રજ્ઞાન, ધારણા આદિ બધું કરે પણ એ પરજ્ઞેયનિમગ્ન છે. શાસ્ત્ર ભણ્યો ને વાતો કરતાં ખૂબ આવડે માટે તે સ્વજ્ઞેયમાં નિમગ્ન છે એમ નથી, ધારણાવાળું જ્ઞાન એ તો પર છે, એ તો પરજ્ઞેયમાં નિમગ્ન છે.

દૃષ્ટિ પલટી નથી ને શાસ્ત્ર ભણતર આદિમાં રોકાઈ ગયો છે તે પરજ્ઞેયનિમગ્ન છે, ભગવાનની—સ્વજ્ઞેયની દૃષ્ટિ તેમાં આવી નથી. સ્વજ્ઞેયરૂપ ભગવાન આત્માને ઓળખીને, તદ્-રૂપ પરિણમન નથી ને શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે તે પરજ્ઞેયમાં નિમગ્ન છે. સ્વના જ્ઞાનમાં જે નિમગ્ન ન હોય તે પરજ્ઞેયમાં નિમગ્ન છે.

રાગમાં નિમગ્ન હો, નિમિત્તમાં નિમગ્ન હો કે દયા-દાન આદિમાં નિમગ્ન હો એ તો અશુદ્ધ વિકારમાં નિમગ્ન છે. પણ અહીં તો કહે છે કે ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ તેને જો ઓળખે નહીં, તે તરફની દૃષ્ટિનો ઝૂકાવ કરે નહિ એ શાસ્ત્રજ્ઞાનના ઝૂકાવમાં

પરજ્ઞેયમાં નિમગ્ન છે. જો પરજ્ઞેયમાં નિમગ્નપણાથી લાભ થતો હોય તો અનંતવાર શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન થયો છે. શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે એ પરજ્ઞેયમાં નિમગ્ન છે. શાસ્ત્રજ્ઞાન એ શબ્દજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી.

ત્રણ લોકના નાથ જ્ઞાનસ્વભાવી પરિપૂર્ણ પ્રભુને ઓળખ્યો નહીં, તદ્-રૂપ પરિણમન કર્યું નહીં ને શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે તે તો પરજ્ઞેયમાં નિમગ્ન છે. શાસ્ત્રનું જ્ઞાન એ સ્વરૂપમાં નથી, જે સ્વરૂપમાં નથી તેમાં નિમગ્ન છે તે પરજ્ઞેયમાં નિમગ્ન છે. ચાર અનુયોગનું વાંચન હો, કરોડો શ્લોકોનું વાંચન અભ્યાસ હો પણ સ્વરૂપમાં આરૂઢ થયો નહીં તો એ પરજ્ઞેયમાં નિમગ્ન છે.

ચૈતન્ય જ્ઞાયકમૂર્તિનું તો જ્ઞાન નથી ને બહારનું જે જે જાણે તેમાં તલ્લીન થઈ જાય છે જાણે કે બહારથી જ્ઞાન આવે છે! ભગવાન જ્ઞાનસ્વરૂપી છે તેનું જ્ઞાન કરતો નથી ને જે બહારનું જ્ઞાન છે તેનું વેદન કરે છે એ તો બહારના જ્ઞાનનું વેદન છે, આત્મજ્ઞાનનું વેદન નથી.

અનેક યુક્તિ-ન્યાય જાણે, અનેક વિચારો કર્યા કરે પણ જાણનારને ન જાણ્યો! જે કાંઈ રાગની ક્રિયા, તેમાં નિમગ્ન છે તે વીતરાગસ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી. તેમ જે શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે તે જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ મોજૂદ વસ્તુમાં નિમગ્ન નથી ને શાસ્ત્ર જ્ઞાનમાં નિમગ્ન છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેવી રીતે વીતરાગસ્વરૂપમાં નિમગ્ન નથી ને દયા-દાન આદિ રાગમાં નિમગ્ન છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આને સિદ્ધાંત કહેવાય. જેમાં જ્ઞાન જ ભર્યું છે એ જ્ઞાનસ્વરૂપી પ્રભુને જાણ્યો નહીં, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહીં, તો તે બધું જાણ્યાનું શું ફળ? ધારણામાં શાસ્ત્રજ્ઞાન ખૂબ કર્યા પણ જ્ઞાનની અસલ ભૂમિ હાથ ન આવી તો જાણ્યાનું શું ફળ? અનેક યુક્તિ-ન્યાય કર્યા, અનેક વિચારો કર્યા, પણ જાણનારને જાણ્યો નહીં અર્થાત્ જ્ઞાનની અસલી ભૂમિ દૃષ્ટિગોચર ન થઈ તો એ બધું શાસ્ત્ર જાણ્યાનું શું ફળ? શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો એ છે, એ ફળ તો આવ્યું નહીં ને શાસ્ત્રજ્ઞાનમાં રોકાઈ ગયો! રાગમાં રોકાય કે નિમિત્તમાં રોકાય એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ શાસ્ત્રજ્ઞાનમાં રોકાય એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તો આત્માને જાણવો એ છે.

# કરવાયોગ્ય એક માત્ર કાર્ય :

# નિજ કારણ પરમાત્માની પ્રતીતિ

[શ્રી નિયમસાર શાસ્ત્ર, ગાથા-૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ વ્યવહાર સમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે. જ્યાં આત્માના સ્વભાવની શ્રદ્ધારૂપ નિશ્ચય સમ્યક્ત્વ હોય ને વીતરાગતા થઈ ન હોય ત્યાં આવું વ્યવહાર સમ્યક્ત્વ હોય છે. વ્યવહાર સમ્યક્ત્વ એટલે આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધા; તેમાં અરિહંત ભગવાન તે આપ્ત છે. તેમને સમસ્ત દોષોનો નાશ થયો છે. અરિહંત ભગવાનને હજી યોગનું કંપન વગેરે હોવા છતાં તેમને સકલ દોષ રહિત કહ્યા છે. ઘાતિકર્મના નિમિત્તે થતા બધા દોષો ટળીને કેવળજ્ઞાનાદિ પ્રગટી ગયા છે તે અપેક્ષાએ તેમને સકલ દોષ રહિત કહ્યા ને "સકળ ગુણમય" કહ્યા. આવા આપ્ત અરિહંત દેવની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે. સર્વજ્ઞ પરમાત્મા 'સકળ ગુણ સહિત' ને 'સમસ્ત દોષ રહિત' છે એટલે ગુણની અસ્તિ ને દોષની નાસ્તિ-એમ અસ્તિ-નાસ્તિથી કહ્યું છે.

આપ્ત એટલે શંકા રહિત; અહીં શંકામાં અઢારે દોષને સમાવી દીધા છે. અહીં શંકા એટલે દર્શનમોહ એકલો ન ગણવો પણ રાગાદિ બધા ભાવોને અહીં શંકામાં ગણ્યા છે. કેમ કે રાગાદિ ભાવો છે ત્યાં સ્થિરતાના નથી, સ્થિરતાના અભાવને અહીં શંકા ગણી છે. એવી શંકાનો જેને તદ્દન અભાવ છે એટલે જે મોહ અને રાગ-દ્વેષાદિ દોષો રહિત છે તે આપ્ત છે.

પોતાના શુદ્ધ ચૈતન્યની પ્રતીતમાં તો રાગ કે વિકલ્પ નથી, પણ નીચલી દશામાં શુભરાગ અને વિકલ્પ થતાં, આપ્ત આગમ ને તત્ત્વોની વ્યવહાર શ્રદ્ધા હોય છે. તે શ્રદ્ધામાં આપ્ત, આગમ ને તત્ત્વો આવાં જ હોય, આથી વિપરીતને માને તો વ્યવહાર-શ્રદ્ધા પણ નથી.

આગમ એટલે શું? કે "આપ્ત એવા અર્હંત દેવના મુખકમળથી નીકળેલી સમસ્ત વસ્તુ વિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચન રચના;" જુઓ, આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું કથન છે. ખરેખર આપ્ત તો આત્મા છે, આત્માને મોઢું ન હોય ને મોઢું તો ઔદારિક શરીર છે. તેમાંથી ભાષાવર્ગણા ન નીકળે. પણ નિમિત્ત તરીકે ઓળખાવવા કહ્યું કે ભગવાનની વાણી તે આગમ છે. સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં ચતુર વચનરચના છે, અને તેમાં સમસ્ત વસ્તુના વિસ્તારનું સ્થાપન કરવામાં આવે છે.

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો."

—એ વાત અહીં ન લીધી. અહીં તો કહ્યું કે બધા પદાર્થોને સમજાવવામાં નિમિત્ત થવાનું સામર્થ્ય સર્વજ્ઞની વાણીમાં છે. સર્વજ્ઞનું જ્ઞાન પૂરું જાણે છે ને વાણી પૂરું કહે છે તે વાણીને આગમ કહે છે. તેની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે.

સર્વજ્ઞની વાણીમાં કેવાં તત્ત્વો કહ્યા?–કે (૧) બહિર્તત્ત્વ અને (૨) અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ—એમ બે પ્રકારનાં તત્ત્વો છે. અંતઃતત્ત્વ તો નિજ કારણપરમાત્મા ચિદાનંદ ભગવાન છે, ને પુણ્ય–પાપ વગેરે બધાં બહિર્તત્ત્વ છે. આવા બે ભેદ પડીને તત્ત્વની શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન:—અંતઃતત્ત્વમાં તો કારણપરમાત્માની પ્રતીતિ પણ આવી ગઈ, છતાં તેને વ્યવહાર કેમ કહ્યો?

ઉત્તર:—અહીં બે ભેદના લક્ષે પ્રતીત કરવી તેને વ્યવહાર સમકિત કહ્યું છે. અંતઃતત્ત્વ અને બહિંતત્ત્વ એવા બે ભેદના લક્ષે પ્રતીત થઈ તે વ્યવહાર સમ્યક્ત્વ છે. પણ આને વ્યવહાર ક્યારે કહેવાય?-કે તે વ્યવહારનો નિષેધ કરીને અભેદ-સ્વભાવની શ્રદ્ધા કરે, તો ભેદની શ્રદ્ધાને વ્યવહાર શ્રદ્ધા કહેવાય છે.

અહીં અંતઃતત્ત્વ એટલે અંતરાત્માની વાત નથી. અંતરાત્મા તો પર્યાય છે. અભેદ દ્રવ્યસ્વભાવ તે જ અંતઃતત્ત્વ છે, ને સિદ્ધો કે કેવળીઓ તે પણ પોતાથી બહિર્તત્ત્વ છે; આવા બે ભેદની શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં નવતત્ત્વની શ્રદ્ધાને નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે ને અહીં તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે. અંતર્તત્ત્વ ને બહિર્તત્ત્વ એવા બે ભેદવાળી શ્રદ્ધાને પણ વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે. અહીં તો અભેદ દૃષ્ટિની પ્રધાનતાથી કથન છે ને ત્યાં જ્ઞાન પ્રધાનથી કથન છે. જ્ઞાનમાં વિકલ્પ તૂટીને બધું જણાઈ ગયું છે, તે અપેક્ષાએ ત્યાં નવતત્ત્વની શ્રદ્ધાને પણ નિશ્ચય સમ્યક્ત્વ કહ્યું છે. પરંતુ ત્યાં પણ આવી અભેદ સ્વભાવની શ્રદ્ધાપૂર્વકના નવતત્ત્વના જ્ઞાનની વાત છે. અભેદની શ્રદ્ધા વગરના એકલા ભેદના જ્ઞાનને સમ્યક્ત્વ કહ્યું નથી.

અહીં કહે છે કે એકલા અંતર્તત્ત્વરૂપ પરમાત્મતત્ત્વની દૃષ્ટિ તે પરમાર્થ શ્રદ્ધા છે અને "આ અંતર્તત્ત્વ અને આ બહિર્તત્ત્વ" એવી બે ભેદના લક્ષવાળી શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે. કેમકે તેમાં રાગ છે. તે રાગથી લાભ ન માને ને અંતરૂસ્વભાવની રાગ રહિતશ્રદ્ધાથી જ લાભ માને તો તે રાગવાળી શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહેવાય છે. જો રાગથી લાભ માને તો તો તેને વ્યવહારશ્રદ્ધા પણ નથી.

અનંતા કેવળીઓ, સિદ્ધો આ આત્માથી પર હોવાથી તે બધા બહિર્તત્ત્વ છે, ને પોતામાં મોક્ષપર્યાયનો ભેદ પાડવો તે પણ બહિર્તત્ત્વ છે. એકલું નિરપેક્ષ કારણ પરમાત્મતત્ત્વ તે જ અંતઃતત્ત્વ છે. એ સિવાય ભેદ કે વિકલ્પ ઊઠે તે બધાય બહિર્તત્ત્વ છે. સર્વજ્ઞે આવા બે પ્રકારનાં તત્ત્વો કહ્યાં છે.

જેના લક્ષે વિકલ્પ ને રાગ થાય તે બધા બહિર્તત્ત્વમાં જાય છે. પર્યાયનો ભેદ પાડવો તે પણ બહિર્તત્ત્વ છે. કેમકે પર્યાયમાંથી પર્યાય આવતી નથી, પર્યાયના લક્ષે રાગ થાય છે. કેવળી ભગવાન પણ બહિર્તત્ત્વ છે. તેનાથી લાભ માને તો મિથ્યાત્વ છે. કેવળી ભગવાન સિવાય બીજા કોઈને માને તો તેને વ્યવહાર સમ્યક્ત્વ પણ નથી આવા સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં તત્ત્વો સિવાય બીજા તત્ત્વોને માને તો તેને આવા આગમ અને તત્ત્વોની શ્રદ્ધા નથી.

સિદ્ધદશા છે નિર્મળ, પરંતુ તે પણ પૂરું તત્ત્વ નથી, તે તો એક સમય પૂરતી દશા છે; ત્રિકાળ પરમાત્મસ્વભાવ તે જ અંતઃતત્ત્વ છે તે એકલા અંતઃતત્ત્વની પ્રતીત તો નિશ્ચય સમ્યક્ત્વ છે. પણ "આ પરમાત્મતત્ત્વ ને આ બહિર્તત્ત્વ" એમ ભેદના વિકલ્પ દ્વારા નક્કી કર્યું છે, તેનું નામ વ્યવહાર સમ્યક્ત્વ છે. નિશ્ચય સમ્યક્ત્વમાં ભેદ ન આવે, તેમાં તો એકલો અભેદ કારણસ્વભાવભાવ જ છે; વ્યવહાર સમ્યક્ત્વમાં ભેદ પડે છે. અંતરમાં અભેદની શ્રદ્ધા છે માટે ભેદની શ્રદ્ધા છે એમ નથી, ને ભેદની વ્યવહાર શ્રદ્ધા છે માટે નિશ્ચય શ્રદ્ધા છે એમ પણ નથી, અભેદની પરમાર્થશ્રદ્ધા હોવા છતાં હજી રાગ છે તેથી તે રાગને લીધે ભેદવાળી શ્રદ્ધા છે.

પહેલાં તત્ત્વના અંતઃતત્ત્વ અને બહિર્તત્ત્વ એવા બે ભેદ પાડ્યા, હવે વિશેષપણે તેના સાત પ્રકાર કહે છેઃ જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એવાં સાત તત્ત્વો છે. તેની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે.

"હું જીવ છું, પરિપૂર્ણ સ્વભાવી છું" એવી વિકલ્પવાળી પ્રતીત તે જીવતત્ત્વની વ્યવહારશ્રદ્ધા છે. બીજા જીવો તે આ જીવથી ભિન્ન છે. છ તત્ત્વોને જુદાં રાખે ને જીવતત્ત્વ જુદું જાણે તો જીવતત્ત્વને માન્યું કહેવાય. જીવતત્ત્વને પુણ્ય પાપવાળું માને તો તો જીવતત્ત્વ જુદું નથી રહેતું. જીવને કર્મવાળો માને તો જીવતત્ત્વ અને અજીવ-તત્ત્વ જુદાં ન રહ્યાં, એટલે તેને તો સાત તત્ત્વોની વ્યવહાર શ્રદ્ધા પણ ન થઈ. જીવ તે મૂર્ત્ત પણ છે ને અમૂર્ત્ત પણ છે—એમ માને તો તેને જીવતત્ત્વની શ્રદ્ધા નથી. શુદ્ધ ચિદાનંદ આત્મા છું, પરમાણુથી ભિન્ન પરમાત્મા છું,—એવા સ્વભાવની રાગરહિત શ્રદ્ધા તે નિશ્ચય સમ્યક્ત્વ છે, તે ધર્મ છે, ને તેવી શ્રદ્ધાની સાથે શુભરાગ વખતે વ્યવહારશ્રદ્ધા હોય છે. પણ નિશ્ચયને કારણે તે વ્યવહાર નથી, ને વ્યવહારને કારણે તે નિશ્ચય નથી, નિશ્ચય રહી જાય ને વ્યવહારનો વિકલ્પ તૂટી જાય છે.

જેવાં સિદ્ધ પરમાત્મા થયા તેવો મારો આત્મા છે, એવા આત્માની વિકલ્પવાળી શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે.

પહેલાં વ્યવહાર ને પછી નિશ્ચય એમ પહેલાં–પછી નથી. કોઈવાર પહેલાં વ્યવહાર શ્રદ્ધા કરવાનું કહે, પણ ખરેખર અખંડ સ્વભાવની પ્રતીત કરીને નિશ્ચય શ્રદ્ધા કરે તો પૂર્વની રાગવાળી શ્રદ્ધાને વ્યવહારનો ઉપચાર આવે છે. કોઈવાર એમ કહે કે " પહેલાં વ્યવહાર હોય છે " પણ ત્યાં તે વ્યવહાર તે નિશ્ચયનું કારણ છે–એમ કહેવાનો આશય નથી. આ નિયમસારમાં જ ( પૃ. ૧૦૯ માં ) કહેશે કે : " જે પરમ જિન યોગીશ્વર પહેલાં પાપ ક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહાર નય ગોચર તપશ્ચરણ હોય છે. " નિર્વિકલ્પ વીતરાગ દશા ન હોય ત્યાં પહેલાં આવો શુભરાગ હોય છે તેનું જ્ઞાન કરાવવા માટેની એ વાત છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાને કેવી દશા હોય છે તે બતાવ્યું છે. પહેલાં વ્યવહાર કહ્યો, તેનો અર્થ એમ નથી કે પહેલો વ્યવહાર પ્રગટે અને પછી નિશ્ચય પ્રગટે; સાતમા ગુણસ્થાને નિર્વિકલ્પદશામાં સ્થિર ન રહી શકે ત્યારે છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ દશામાં પહેલાં આવો શુભભાવ હોય છે—એમ ત્યાં બતાવ્યું છે. પણ તે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટશે,—રાગ કરતાં કરતાં વીતરાગતા થશે—એમ કહ્યું નથી.

પરને જાણવું તે દોષ નથી. પણ પર તરફ ઝૂકાવ કરીને રાગની વૃત્તિ થાય તે દોષ છે, જ્ઞાન તે દોષ નથી. જ્ઞાનનો સ્વભાવ તો બધું જાણવાનો છે. મારી પર્યાયમાં સંવર–નિર્જરા થાય તે અંશ છે, તેટલો જ હું નથી ને સંવર–નિર્જરાના ભેદ તરફ લક્ષ જાય તે પણ હું નથી. " અંતરમાં અખંડ પરમાત્મ તત્ત્વ છું " એવી જે વિકલ્પની વૃત્તિ ઊઠે તેને અહીં વ્યવહાર શ્રદ્ધા ગણી છે. વિકલ્પવાળી શ્રદ્ધામાં પણ " હું શુદ્ધ જીવ છું, પુણ્ય-પાપ વગરનો છું " એવી રાગરહિત શુદ્ધ જીવની શ્રદ્ધા છે, જો વ્યવહારશ્રદ્ધામાં રાગરહિત શુદ્ધ જીવ ન લ્યો તો સાત તત્ત્વો જુદાં સિદ્ધ થતાં નથી, ને જો તેમાં વિકલ્પ તૂટી જાય તો તે વ્યવહારશ્રદ્ધા ન રહે પણ નિશ્ચયશ્રદ્ધા થઈ જાય, એટલે વિકલ્પ સહિત જે શુદ્ધ જીવતત્ત્વનો નિર્ણય કર્યો તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે.

ટૂંકામાં કહો તો બે તત્ત્વ છે : અંતઃતત્ત્વ ને બહિર્તત્ત્વ અને તેને વિસ્તારથી કહો તો સાત તત્ત્વો છે : જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ; તેમાં જે અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ કહ્યું તે શુદ્ધ જીવતત્ત્વ છે, ને જે બાકીનાં છ તત્ત્વો છે તે છ એ બહિર્તત્ત્વો છે. આ બધાંની રાગ વાળી શ્રદ્ધા તે વ્યવહાર શ્રદ્ધા છે.

( ૧ ) **હું જીવતત્ત્વ છું.** જીવતત્ત્વ અજીવ તત્ત્વ વિનાનું છે, પુણ્ય–પાપ–આસ્રવ-

બંધ વિનાનું છે, ને સંવર–નિર્જરા કે મોક્ષના અંશ જેટલું પણ નથી. તે તો એક સમયનો અંશ છે, ને જીવતત્ત્વ તો ત્રિકાળી છે. એવા ત્રિકાળી જીવતત્ત્વનો વિકલ્પથી નિર્ણય કરવો તે તો હજી વ્યવહાર સમ્યક્ત્વ છે.

**(૨) શરીર અજીવ** છે, તેની ગતિ જીવથી થતી નથી. મારે લીધે શરીરની ગતિ થાય એમ માને તેને જીવ-અજીવ તત્ત્વની શ્રદ્ધા નથી. શરીરાદિ અજીવની પર્યાય છે. હું જીવ છું, અજીવથી જીવ જુદો છે; તેને બદલે જીવથી અજીવની ક્રિયા થાય એમ માને, કે અજીવની ક્રિયાથી જીવને ધર્મ થાય એમ માને તો તેને જીવ–અજીવની વ્યવહાર શ્રદ્ધા પણ નથી, વ્યવહાર શ્રદ્ધામાં સાત તત્ત્વો જેમ છે તેમ ઓળખવા જોઈએ, તેમાં વિકલ્પ છે માટે તેને વ્યવહાર કહ્યો.

'સાત તત્ત્વો' કહેતાં જ જીવ અને આસ્રવ ભિન્ન ભિન્ન છે એમ આવી જાય છે. સાત તત્ત્વના જ્ઞાનને વિકલ્પસહિત કહેવું તે વ્યવહારશ્રદ્ધા છે, ને રાગ તૂટીને નિર્વિકલ્પ શ્રદ્ધાપૂર્વક જે સ્વભાવના આશ્રયવાળું જ્ઞાન છે–રાગરહિત જ્ઞાન છે, તે તો નિશ્ચય છે.

રોટલી અજીવ છે. મેં રોટલીના ટુકડા કર્યા–એમ જે માને છે તેને અજીવતત્ત્વની પણ શ્રદ્ધા નથી, ને જીવની પણ શ્રદ્ધા નથી. રાગવાળી વ્યવહાર શ્રદ્ધાનો નિષેધ કરીને અંતર સ્વભાવની શ્રદ્ધામાં જાય તો તેના વ્યવહારને આંગણું કહેવાય. ખરેખર અંતર સ્વભાવની રાગરહિત પ્રતીત તે જ ધર્મનું પહેલું પગલું છે, બધેય સર્વવ્યાપક એક જીવ જ છે, ને અજીવ વગેરે કાંઈ છે જ નહિ એમ જે માને તેણે તો વ્યવહારે પણ સાત તત્ત્વને ન માન્યાં, એટલે તેને તો વ્યવહાર શ્રદ્ધા પણ નથી

**(૩) આસ્રવ :** પુણ્ય-પાપ બન્ને ભાવો આસ્રવમાં સમાય છે. આસ્રવ તે જીવ નથી, આસ્રવ તે સંવર–નિર્જરા પણ નથી, એમ જુદા જુદા તત્ત્વને માને તો વ્યવહારશ્રદ્ધા છે, પણ પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે એમ માને તો તેણે સાત તત્ત્વને જાણ્યાં નથી.

**(૪) સંવર :** નિશ્ચયથી સંવર તો સ્વભાવના આશ્રયે છે. રાગરહિત—પુણ્યરહિત નિર્મળ પર્યાય તે સંવર છે; તેને ઓળખે ત્યારે વ્યવહાર શ્રદ્ધા છે. સંવર પ્રગટે ક્યારે?—કે સ્વભાવનો આશ્રય કરે ત્યારે, પણ એવો સંવર પ્રગટ્યા પહેલાં તેની રાગસહિત પ્રતીત કરવી તે વ્યવહાર શ્રદ્ધા છે

**(૫) નિર્જરા :** નિર્જરા તે આત્માની નિર્મળ પર્યાય છે. તે નિર્જરા અજીવને લીધે થતી નથી, પુણ્યને લીધે થતી નથી. રોટલા ન ખાધા માટે નિર્જરા થઇ એમ માને કે શુભરાગ થયો તેનાથી નિર્જરા થઇ એમ માને તો તેની નિશ્ચય વ્યવહાર

એકેય શ્રદ્ધા સાચી નથી. નિર્જરા એટલે વિશેષપણે અશુદ્ધતાનું ઝરી જવું, અથવા શુદ્ધતાની વૃદ્ધિ થવી તે; તે એક સમય પૂરતો ભાવ છે, તેમાં શુદ્ધતાની વૃદ્ધિ તે ઉત્પાદ છે ને અશુદ્ધતાનું ઝરવું તે વ્યય છે.

(૬) **બંધ તત્ત્વ:** બંધનું કારણ ત્રિકાળ શુદ્ધ જીવતત્ત્વ નથી, તેમ જ અજીવના કારણે પણ બંધ નથી. બંધ તે એક સમયનો વિકારીભાવ છે. સ્વભાવનો વિકાસ ન થતાં અશુદ્ધતામાં અટકી જવું તેનું નામ બંધ છે.

(૭) **મોક્ષ તત્ત્વ:** જેને ફરીને અવતાર નથી ને આત્માની પૂરી શુદ્ધતા પ્રગટી ગઈ છે તેનું નામ મોક્ષતત્ત્વ છે. મોક્ષ પામેલા પરમાત્માને ફરીથી અવતાર ન હોય. સાધકદશામાં પણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ તે પણ અશુદ્ધતાને કબૂલતો નથી, ને શુદ્ધતામાં સ્થિર થયો તે ફરીને અસ્થિરતામાં આવતો નથી, તો પછી પૂર્ણ પરમાત્મદશા પ્રગટયા પછી ફરીને અશુદ્ધતા થાય કે અવતાર ધારણ કરે એમ બને જ નહિ. મોક્ષતત્ત્વમાં અજીવ નથી, આસ્રવ–બંધ કે સંવર–નિર્જરા પણ નથી, તેમ જ મોક્ષતત્ત્વમાં આખું જીવતત્ત્વ પણ આવી જતું નથી. મોક્ષતત્ત્વ એક સમયની પર્યાય છે, ને જીવતત્ત્વ તો ત્રિકાળ છે, બન્ને તત્ત્વો ભિન્ન ભિન્ન છે.

જીવાદિ સાત તત્ત્વો સિદ્ધ ક્યારે થાય?–કે સાતેનું સ્વરૂપ જુદું જુદું જાણે તો સાત તત્ત્વો સિદ્ધ થાય. છતાં સાત તત્ત્વના ભેદ સામે જોઈને શ્રદ્ધા કરવી તે વ્યવહાર શ્રદ્ધા છે, ને અભેદ સ્વભાવ સન્મુખ થઈને રાગરહિત પ્રતીત કરવી તે પરમાર્થ શ્રદ્ધા છે. વ્યવહાર સમકિત કહ્યું તે તો જ્ઞાનનો તે પ્રકારનો ક્ષયોપશમ અને રાગ છે, ખરેખર વ્યવહાર શ્રદ્ધા તે ખરું સમકિત નથી. સમકિત તો એક જ પ્રકારનું છે, શુદ્ધ કારણ-પરમાત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા તે જ સાચું સમ્યક્ત્વ છે. બીજો બધો આરોપ છે.

સાત તત્ત્વો તો ભેદથી છે; એટલે સાતે તત્ત્વો ભિન્ન ભિન્ન છે. એવાં સાત તત્ત્વોનું સર્વજ્ઞ ભગવાનની વાણીમાં કથન છે. સર્વજ્ઞ એટલે સંપૂર્ણ દોષરહિત; તેમની સમસ્ત પદાર્થોને કહેનારી વાણી, અને તેમાં કહેલાં અંતઃતત્ત્વ તથા બહિર્તત્ત્વ અથવા જીવાદિ સાત તત્ત્વો, તેમનું સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહાર શ્રદ્ધા છે. તે પણ હજી રાગવાળી શ્રદ્ધા છે, તે ધર્મ નથી. ધર્મ તો અખંડ ચૈતન્યસ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી તે છે.

(ક્રમશઃ)

# ચૈતન્ય-ચિંતામણિ પાસે ખોળના ટૂકડા જેવા તુચ્છ ઈન્દ્ર-ચક્રવર્તીના વૈભવોની યાચના ન કરાય

[શ્રી ઈષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

[પ્રવચન-૧૭ મું]

આ ઈષ્ટોપદેશ-પ્રિય ઉપદેશ ચાલે છે. તેમાં ૧૯મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે પ્રભુ! ધનથી ભલે શરીરને તો લાભ નથી પણ ધનથી આત્માને તો લાભ છે ને? ધનથી બધી અનુકૂળતા મળે અને અનુકૂળતામાં ધર્મસાધન સારી રીત થઈ શકે તેથી ધનથી આત્માનો ઉપકાર તો થાય છે ને વળી ધનથી દાન દેવાય ધર્મની પ્રભાવના થાય માટે ધનથી આત્માને ઉપકાર થાય તે ખરું ને?

શિષ્યના આ પ્રશ્નનો ૧૯મી ગાથા દ્વારા મુનિરાજ ઉત્તર આપે છેઃ—

જે આત્માને હિત કરે, તે તનને અપકાર,
કરે હિત જે દેહને, તે જીવને અપકાર. ૧૯.

નિમિત્તથી કથન કરતાં પૂજ્યપાદસ્વામી કહે છે કે જેમ અનશન આદિ તપ આત્માને જ્ઞાન-ધ્યાન કરવા માટે ઉપકારક છે, બહારની ખાવા આદિની પ્રવૃત્તિથી આત્મા નિવૃત્ત હોય તો વિશેષ જ્ઞાન-ધ્યાનની ક્રિયા થઈ શકે છે, વળી તેનાથી પોતાના જૂના અને નવા પાપોનો નાશ થાય તેથી અનશનાદિ તપ જીવને ઉપકારક છે, એ જ તપ શરીરને અપકારક છે. કેમ કે ખોરાક ન મળવાથી કે ઓછો મળવાથી શરીર શિથિલ થઈ જાય છે. જ્ઞાન-ધ્યાનમાં વિશેષ પ્રવૃત્તિ થતાં શરીરની અનુકૂળતાનું ધ્યાન રહેતું નથી તેથી તપ શરીરને અપકારક છે. અહીં નિમિત્તથી વાત કરીને જુદી જ ઢબથી સમજાવ્યું છે. આત્માને ઉપયોગી અનુષ્ઠાન શરીરને અહિતમાં—અપકારમાં નિમિત્ત થાય છે. એથી વિપરીત ધનાદિ તથા ભોજન વગેરે શરીરની ક્ષમા દૂર કરવામાં નિમિત્ત હોવાથી તે ધનાદિ શરીરને ઉપકારમાં નિમિત્ત છે પણ તે ધન પ્રાપ્ત કરવામાં-કમાવામાં પાપ અને ચિંતા થાય છે. વળી એ પાપથી દુર્ગતિમા ગમન કરવું પડે છે માટે ધનાદિ આત્માને અપકારક છે.

અરે! ધન કમાવામાં પાપ લાગે, તે તો આત્માને નુકશાનકારક છે, દુર્ગતિમાં લઈ જનાર છે. પણ એ ધનને દાનમાં દેવું તે પણ શુભભાવ હોવાથી બંધનું કારણ છે. લક્ષ્મી તરફ લક્ષ જવું તે જ બંધનું કારણ છે. દુનિયા કરતાં વીતરાગનો માર્ગ તદ્દન જુદો છે. લક્ષ્મી તો જડ ચીજ છે. તેને દાનમાં દઈને તેનો સ્વામી થઈને અભિમાન કરે કે

જુઓ! મેં આટલું ધન દાનમાં દીધું, આટલા જિનમંદિર બંધાવ્યાં-એવાં ભાવમાં તો તેને મિથ્યાત્વનું બંધન થાય છે. મિથ્યાત્વ તે મહાન પાપ છે. ધનનો એક રજકણ પણ પોતાથી દીધો દેવાય નહિ ને લીધો લેવાય નહિ કેમ કે એ જડ છે ને પોતે ચૈતન્ય છે. બંને સ્વતંત્ર દ્રવ્ય છે. સ્વદ્રવ્યનું લક્ષ છોડીને પરદ્રવ્યનું લક્ષ કરવું અને તેનું સ્વામી થવું તે મહામિથ્યાત્વ છે. તેમાં પોતાને મોટું નુકશાન થાય છે, સ્વદ્રવ્યની દૃષ્ટિ ચૂકી જવાય છે.

પૈસા રળવા...છોકરાને મોટાં કરવા....પરણાવવા....એ બધું એકલું પાપ...પાપ ને પાપ જ છે. માટે તે કાર્યને જીવ અજ્ઞાનવશ લાભદાયક અને કરવાયોગ્ય માને છે પણ તે મહાદુઃખદાયક, નુકશાનકારક તથા દુર્ગતિનું કારણ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને તેમાં રમણતા તે જ આત્માને લાભદાયક છે. બાકી નરકમાં જાય કે સ્વર્ગમાં જાય પણ આત્માને પોતાના શ્રદ્ધા-જ્ઞાન વગર તે બધું દુઃખદાયક અને બંધનું જ કારણ છે. માટે બૈરાં, છોકરાં, કુટુંબ, પૈસા, આબરૂ, કીર્તિ, મકાન આદિ બધું આત્માનું અહિત થવામાં નિમિત્ત છે.—એમ તું નક્કી કર તો જ તારી દૃષ્ટિ ત્યાંથી ખસીને સ્વભાવ તરફ ઢળશે અને તો જ તારું હિત થશે. સુખનું સાધન તું પોતે જ છો માટે બહારમાં ક્યાંય સુખ માટે ઝાંવા ન નાખ! પરદ્રવ્ય તરફની દુનિયાની હોંશ ઉડાડી દે એવી આ વાત છે.

તારું લક્ષ તો પ્રભુ! તારી અંતરની શુદ્ધ લક્ષ્મી અંદરમાં પડી છે ત્યાં હોવું જોઈએ. જેટલું પરલક્ષ છે તે બધું તને નુકશાનકારક-દુઃખદાયક છે એમ તું સમજ ભાઈ! સમજ. શરીર ને ધનાદિક લાભદાયક ભલે હો પણ તને તો નુકશાનકારક જ છે. વીતરાગી સંતોએ કહેલી આ વાત છે. પુદ્‌ગલના રજકણોની પર્યાય જે કાળે જેમ થવાની હોય તેમ જ થાય પલટતાં—પ્રવાહમાં ધનના રજકણો જ્યાં ખડકાવાના હોય ત્યાં જ આવીને ભેગા થાય. તેનો કર્તા તું તો નહિ, પણ ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ તેમાં ફેરફાર કરી શકતાં નથી—કર્તા થઈ શકતા નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરી શકે માટે નક્કી કર કે ધનાદિ દ્વારા જીવને ઉપકારની ગંધ પણ નથી. એક માત્ર ધર્મનો જ જીવ ઉપર ઉપકાર છે.

ભગવાન આત્મા....શુદ્ધ ચૈતન્યપિંડની શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતારૂપી ધર્મ જ આત્માનો ઉપકારક છે. બીજો કોઈ આત્માનો ઉપકારક નથી. પુણ્ય-પાપના પરિણામથી પણ જીવને તો નુકશાન જ છે. આત્મજ્ઞાન-આત્મદર્શન-આત્મશાંતિ સિવાય પુણ્યનો વિકલ્પ, શરીર, લક્ષ્મી આદિ બધાં જીવને અપકારક છે. જેમાં તું નથી તેનાથી તને ઉપકાર કેમ થાય? જેમાં તું નથી તેનું લક્ષ કરવાથી તને એકલું નુકશાન... નુકશાન જ છે.

બહારની ચીજોની મહિમા આડે જીવને પોતાની મહિમા કદી આવી જ નથી. વીજળીના ઝબકારા જેવા ક્ષણિક સંયોગોમાં જ અનાદિથી જીવને લાભની બુદ્ધિ થઈ

રહી છે તેથી તેમાં જ જીવને સુખની કલ્પના થાય છે. મારો સ્વાશ્રય ભાવ જ મને ઉપકારી છે એવો અનંતકાળમાં કોઈ વખત પોતે નિર્ણય જ કર્યો નથી. અભ્યાસ જ પરનો થઈ રહ્યો છે. તને સ્વાશ્રિત અને સુખી બનાવવા માટે આ વીતરાગની વાતો છે ભાઈ!

આત્માના શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા તે જ આત્માના હિતકર છે, ઉપકારી છે. પરદ્રવ્યનું જે થવાનું હોય તે થાય, હું તો મારા દ્રવ્યનો લાભ લઈ લઉં – એમ થવું જોઈએ. પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવના આ માર્ગ વિના જીવના ઉદ્ધારનો બીજો કોઈ માર્ગ નથી. પરદ્રવ્યનો આશ્રય છોડી સ્વદ્રવ્યનો આશ્રય કરવો તે એક જ માર્ગ છે.

હવે શિષ્ય ફરી બીજો પ્રશ્ન કરે છે કે મહારાજ! અમે તો એવું સાંભળ્યું છે કે 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' અને શરીર જ ખરેખર તો ધર્મનું મુખ્ય સાધન છે. કારણ કે શરીરમાં રોગ હોય તો એકાગ્રતાથી ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે નીરોગ શરીર ધર્મ માટે ઉપકારી છે. આમ શિષ્ય ગુરુ પાસે વાત મૂકે છે તેને મુનિરાજ કહે છે કે શરીરના રોગને કે નીરોગતાને આત્મા સ્પર્શતો પણ નથી તેથી શરીરની રોગી કે નીરોગી અવસ્થા સાથે આત્માના ધર્મને કાંઈ સંબંધ નથી. રોગ સમયે પણ રોગથી જુદો રહીને આત્મા પોતાને જાણી શકે છે. હું તો જાણનાર – દેખનાર જ્ઞાયક છું ને! એવી સ્થિતિ અંતરમાં જીવે ઊભી કરવી જોઈએ, અને એવી સ્થિતિ ઊભી થાય તેને પછી વધુ જન્મ-મરણ ન હોય, તેને અલ્પકાળમાં જન્મ-મરણ રહિત અવિનાશી સિદ્ધદશા પ્રાપ્ત થાય.

શિષ્ય વિશેષ પણ કહે છે કે શરીરના રોગને દૂર કરવો પણ મુશ્કેલ નથી. ધ્યાન દ્વારા રોગાદિક સહેલાઈથી દૂર થઈ શકે છે. અંતરમાં જ્ઞાનનું ધ્યાન કરતાં આત્માને તો શાંતિ થાય પણ શરીરનો રોગ પણ ચાલ્યો જાય. જ્યાં આત્મા સ્વભાવના સરાણે ચડે ત્યાં અંતરમાં તો લાભ થાય પણ બહારમાં પુણ્ય બંધાય તેના ફળમાં શરીર પણ નીરોગ થઈ જાય.

શિષ્યને મુનિરાજે ધનથી આત્માના ઉપકારની ના કહી તેથી શિષ્યે ધ્યાનથી શરીરના ઉપકારની વાત મૂકીને તેના અનુસંધાનમાં તે કહે છે કે તત્ત્વાનુશાસનના ૨૧૭ કળશમાં પણ આ સંબંધી વાત છે કે જે આ લોક સંબંધી ફળ છે અને પરલોક સંબંધી ફળ છે તે બન્ને ફળોનું પ્રધાન કારણ ધ્યાન જ છે. ધ્યાનને માટે કાંઈ દુર્લભ નથી.

આ વિષયમાં આચાર્યદેવ નિષેધ કરતાં કહે છે કે તું કહે છે એવું નથી. ધ્યાન દ્વારા શરીરનો ઉપકાર ચિંતવવો યોગ્ય નથી. ધ્યાનથી તું તારું કામ સાધી લે. શરીરને ઉપકાર થાય કે ન થાય તે તરફ તું લક્ષ ન આપ આ વાત હવે ગાથા દ્વારા કહે છે.

છે ચિંતામણિ દિવ્ય જ્યાં, ત્યાં છે ખાંળ અસાર
પામે બેઉ ધ્યાનથી, ચતુર કરે કયાં વિચાર? ૨૦.

એક તરફ આત્મશાંતિરૂપી દિવ્ય ચિંતામણિ અને બીજી બાજુ નીરોગતારૂપ ખોળનો ટૂકડો એ બંને વસ્તુ ધ્યાન દ્વારા મળી શકે તેમ છે તો વિવેકીજન કોનો આદર કરશે?

દેવો દ્વારા સેવિત ચિંતામણિ મહાભાગ્યે મળે તેની પાસે ખોળનો ટૂકડો ન મંગાય ભાઈ! લાખોનો મહેલ મંગાય. તેમ ભગવાન આત્મા–રાગાદિ રહિત નિજ પરમાત્મા તેની પાસે આત્માની શાંતિ મંગાય ભાઈ! આત્મધ્યાનમાં ખોળના ટૂકડા જેવી શરીરની નીરોગતા ન મંગાય. જેટલી અંતરમાં એકાગ્રતા કર તેટલી શાંતિનું ફળ રોકડિયું–તાત્કાલિક ફળ મળે એવો ચિંતામણિ આત્મા છે.

અજ્ઞાની જીવનું લક્ષ જ વર્તમાન પર્યાય, રાગ અને સંયોગો ઉપર છે. તેની જ મહિમા તેને આવે છે. તેથી મહિમાવંત એવા પોતાના શુદ્ધાત્માની મહિમા તેને આવતી નથી. પર્યાયના અંશ પાછળ બિરાજમાન સત્‌ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે તેનો મહિમા આવે તો તેમાં એકાગ્ર થાય અને તાત્કાલિક–તે જ સમયે શાંતિનું અતીન્દ્રિય આનંદના સ્વાદનું ફળ મેળવે. તેને પછી પુણ્યના ફળની કાંઈ જ કિંમત ન હોય. નજર પડવા માત્રથી નિધાન હાથમાં આવે તેવું છે. એવા નિધાનનું લક્ષ ચૂકીને સડેલા ખોળના ટૂકડા જેવી શરીરની નીરોગતા તરફ લક્ષ ન દે ભાઈ! શરીરની નીરોગતા તો શું! ચક્રવર્તીના વૈભવ હો કે ઇન્દ્રના વૈભવ હો તે પણ સમકિતીને આત્માની શાંતિ અને આનંદ પાસે સડેલાં ખોળના ટૂકડાં બરાબર ભાસે છે.

જુઓ! અહીં તો સાગમટે નોતરું છે એટલે કે નાના બાળક, સ્રી, વૃદ્ધ, યુવાન બધાંને માટેની આ વાત છે કે જે આત્માનું ધ્યાન કરે તે દરેક આત્મશાંતિરૂપી ચિંતામણિરત્ન પ્રાપ્ત કરી શકે છે. આલોક સંબંધી જ જેને ચિંતા છે તેને તો રૌદ્ર અને આર્ત્તધ્યાન સિવાય ધર્મધ્યાન અને શુક્લધ્યાન હોતા જ નથી. પણ પરલોક સંબંધી ચિંતા એટલે કે આત્માની ચિંતા રાખનારે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની જ ઉપાસના કરવા યોગ્ય છે. શરીરની ચિંતા તો અનાદિકાળથી કરતો આવ્યો છો અને દુઃખી થયો છો હવે એકવાર આત્માની ચિંતા કર. આત્મા તરફથી જ દૃષ્ટિ જ્ઞાન અને સ્થિરતાની ભાવના રાખવા જેવી છે. પુણ્યની કે નીરોગતાની ભાવના ધર્મીને ન હોય. આત્માની શુદ્ધિની જ દરેકે ભાવના કરવા જેવી છે.

(—ક્રમશઃ)

— o —

# * ગુરુ-જન્મભૂમિ : ઉમરાળા *

પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની, સુવર્ણપુરીમાં અદ્‌ભુત આનંદોલ્લાસ સહ ઉજવાયેલી ૯૫મી ભવ્ય જન્મજયંતીના શુભાવસરે, તેમની પવિત્ર જન્મભૂમિ ઉમરાળાની વિશાળ મુમુક્ષુસંઘ સહિત આનંદદાયી યાત્રા પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહે આપેલો જન્મભૂમિનો ગુરુભક્તિભાવભીનો પરિચય.

*

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે,
એ ગામ-પુરને ધન્ય છે, એ માત-કુળ જ વંદ્ય છે;
તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે,
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવની આ જન્મભૂમિ છે. એની ધૂળ પણ ધન્ય છે. ગુરુદેવની સાધના-ભૂમિની—સુવર્ણપુરીતીર્થની—ધૂળ તો આપણે હંમેશાં, અથવા અનેક પ્રસંગે, માથે ચડાવીએ છીએ. તે ઉપરાંત, આજે ગુરુદેવની આ જન્મભૂમિની ધૂળ શિર પર ચડાવવાનો આ સુઅવસર પ્રાપ્ત થયો તે આપણો મહાન પુણ્યોદય છે. એકીસાથે—એક જ મહોત્સવપ્રસંગે—ગુરુદેવની જન્મભૂમિનાં દર્શન તેમ જ તેઓશ્રીની સાધનાભૂમિનાં દર્શનનો સુયોગ, જાણે કે તીર્થંકરદેવનાં જન્મકલ્યાણક તેમ જ દીક્ષાકલ્યાણક એકીસાથે ઉજવાતાં હોય તેવા પ્રકારનો અતિ સુખદ અનુભવ કરાવે છે.

પૂજ્ય ગુરુદેવની આ જન્મભૂમિમાં અનેક પ્રસંગોનાં સ્મરણો તાજાં થાય છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવના જીવનદર્શનનાં જે ચિત્રપટોનું આલેખન કરાવવામાં આવ્યું છે તેમાંના પ્રથમ ચિત્રપટમાં કહાનકુંવરને પારણામાં ઝુલાવતા ઉજમબા-માતા તથા જોષ જોવા આવતા જ્યોતિષી વગેરેનો જે પ્રસંગ દર્શાવવામાં આવ્યો છે તે પ્રસંગ આ પુનિત સ્થળનો છે કે જે સ્થળે અત્યારે આપણે બેઠાં છીએ અને ભાવપૂર્વક સમૂહભક્તિ કરી રહ્યાં છીએ. 'सिद्धो वर्णसमाम्नायः' (અર્થાત્ અક્ષરોનો સમુદાય સ્વયંસિદ્ધ છે) એ સૂત્ર—કે જેનો ઉલ્લેખ ગુરુદેવ અનેક વાર કરતા હતા તે સૂત્ર—કહાનકુંવર અહીંની જ ધૂડી નિશાળમાં પ્રથમ શીખ્યા હતા. અહીંની જ ધૂળમાં કહાનકુંવર રમ્યા હતા, અહીંની જ શાળામાં તેઓ ભણ્યા હતા, અહીં જ તેમની નિર્દોષ વિવેકયુક્ત બાલ્યાવસ્થા વીતી હતી અને અહીંથી જ તેમણે ત્યાગજીવન અંગીકૃત કર્યું હતું. બસમાંથી ઊતરીને ગુરુજન્મધામના મકાન તરફ ચાલ્યા આવતાં રસ્તામાં આપણે જે દરબારી ઉતારા પાસેથી પસાર થયા હતા

તે ઉતારામાં ગુરુદેવની દીક્ષાનો ભવ્ય વરઘોડો ઊતર્યો હતો અને ત્યાં જ તેમની દીક્ષાવિધિ થઈ હતી.

ગુરુદેવનું જીવન ભવના અંત માટેના પુરુષાર્થ અર્થે હતું. તેઓશ્રીએ દીક્ષિત થઈને ખૂબ કડક આચરણ પાળ્યું અને શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો; પરંતુ સાચી આંતરિક શાન્તિ મળી નહિ. થોડાં વર્ષ પછી કોઈ અતિ મહાન પુણ્યોદયે તેમના હાથમાં શ્રી સમયસાર પરમાગમ આવ્યું, તેઓશ્રીએ તેનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને તેમાંથી તેમને પુરુષાર્થની સાચી દિશા સૂઝી, અશરીરી થવાનો સાચો ઉપાય સમજાયો. તેમને જણાયું કે કેવળ કડક ક્રિયાકાંડમાં કાંઈ નથી, તેમ જ શાસ્ત્રોના જાણપણાની વાતોથી તો નહિ જ પરંતુ શાસ્ત્રજ્ઞાનના કેવળ શુભ ભાવથી પણ સત્ફળ પ્રાપ્ત થતું નથી; અંદર અનંતગુણસાગર ત્રિકાળશુદ્ધ ભગવાન આત્મા બિરાજે છે તેનો સાક્ષાત્કાર કરી અંતઃપરિણતિનું ઝરણું તે અનંતગુણસાગર તરફ વહેતું કરવું તે જ વીરકથિત મોક્ષમાર્ગ છે, તે જ ભવ-અંતનો ઉપાય છે. ગુરુદેવે પુરુષાર્થ કરી આવી શુદ્ધ પરિણતિનું વહેણ પોતાના આત્મામાં ચાલુ કરી તેના પ્રકાશમાં પોતાને જે સત્યો અનુભવાયાં—સમજાયાં, તે વીરકથિત સત્યો તેમણે જગત સમક્ષ અનુભવના જોરપૂર્વક સહૃદયપણે જાહેર કર્યાં. ગુરુદેવે પોતે જીવન સફળ કર્યું અને અનેક જીવોને જીવન સફળ કરવાનો માર્ગ બતાવ્યો. તીર્થયાત્રાદિનિમિત્તે થયેલા ગુરુદેવના વિહારોથી અને તે વિહારો દરમ્યાન થતાં તેમનાં સ્વાનુભવમુદ્રિત પ્રવચનોથી ભારતભરમાં સમ્યક્ વીરમાર્ગનો અસાધારણ સમુદ્યોત થયો, સ્વાનુભૂતિના મહિમાનો એક દેદીપ્યમાન યુગ પ્રવર્ત્યો. ગુરુદેવ એક યુગપુરુષ હતા. તેઓ સત્યપ્રકાશનહાર સૂર્ય હતા. જેમ સૂર્ય ઊગતી વખતે ક્ષિતિજમાં દર્શન દે છે તેમ અધ્યાત્મભાનુ પૂજ્ય ગુરુદેવનો ઉદય આજથી ૯૪ વર્ષ પૂર્વે ઉમરાળારૂપી ક્ષિતિજમાં થયો હતો. તે અધ્યાત્મભાનુએ જગતમાં અધ્યાત્મનો ઝળહળતો પ્રકાશ રેલાવી જગતના જીવો પર મહાન ઉપકાર કર્યો છે. તે અધ્યાત્મ-ભાનુને—આપણા પરમ-ઉપકારી કહાનગુરુદેવને—આજે તેમના પવિત્ર જન્મધામમાં આવીને, આપણે ઉપકૃતભાવભીના નમસ્કાર કરીએ છીએ.

वे गुरु चरण जहाँ धरें, जगमें तीरथ जेह;
सो रज मम मस्तक चढ़ो, सेवक मांगे एह ।
—वे गुरु मेरे मन बसो ।

प्रशममूर्ति पूज्य બહેનશ્રીની વિશેષ પ્રેરણા વડે
અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવાયેલો

# ૯૫ મો ગુરુ-જન્મજયંતી મહોત્સવ

[ તા. ૨૮-૪-૮૪ થી તા. ૨-૫-૮૪ ]

જેઓશ્રીનો ઉપકાર-મહિમા-ભક્તિ જેમના હૃદયકમળમાં અવિચળપણે વસી રહ્યો છે, જેઓશ્રીના ઉપકાર-મહિમાનું વર્ણન કરતાં જેમને તૃપ્તિ થતી નથી એવા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિશેષ પ્રેરણા વડે અનેકવિધ ઉલ્લાસભર્યા ધાર્મિક કાર્યક્રમો દ્વારા, શ્રી દાદર દિ. જૈન મુમુક્ષુમંડળના ટ્રસ્ટી, મુમુક્ષુઓ અને બૃહદ્ મુંબઈના મુમુક્ષુઓ તરફથી તા. ૨૮-૪-૮૪ થી તા. ૨-૫-૮૪ સુધી તીર્થધામ સુવર્ણપુરીમાં કૃપાસાગર ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો ૯૫ મો જન્મજયંતી મહોત્સવ અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો.

* આ કલ્યાણકારી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં રાખવામાં આવેલ 'શ્રી જિનસહસ્રવસુનામપૂજા' નો તા. ૨૩-૪-૮૪ થી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મંડલ વિધાન પૂજા (૧) શ્રી જડાવબેન નાનાલાલ જસાણી, (૨) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા કેટલાક બ્ર. બહેનો, (૩) શ્રી જગજીવનદાસ ચતુરભાઈ શાહ સુરેન્દ્રનગર (હસ્તે બ્ર. શારદાબેન તથા બ્ર. સુશીલાબેન) તથા (૪) સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી ૯૫ મી જન્મજયંતી મહોત્સવ સમિતિ, દાદર તરફથી રાખવામાં આવી હતી.

* આ માંગલિક મહોત્સવના ઉપલક્ષમાં રાખવામાં આવેલ મંડલવિધાનપૂજા બાદ સ્વાધ્યાયમંદિરમાં ગુરુ સ્તુતિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જાણે કૃપાળુ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવ સાક્ષાત્ બિરાજી રહ્યા હોય એ રીતે ગુરુસ્તુતિ વખતે મુમુક્ષુઓ ભાવવિભોર બની જતા હતા. ત્યારબાદ શ્રી પરમાગમમંદિરમાં પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનું સૂક્ષ્મ રહસ્યોદ્‌ઘાટક દ્રવ્યદૃષ્ટિ પ્રકાશક આધ્યાત્મિક ટેઈપ-પ્રવચન રાખવામાં આવતું હતું. 'અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે'—એવા ઉત્કૃષ્ટ, અપૂર્વ આશીર્વચનોના સ્મરણ સહિત ટેઈપ-પ્રવચનો સાંભળતાં મુમુક્ષુઓના મસ્તક દ્રવ્યદૃષ્ટિ-માર્ગ પ્રકાશક વહાલા ધર્મપિતા પ્રતિ અત્યંત ભક્તિભાવ પૂર્વક નમ્રીભૂત થઈ જતા હતા.

* રોજ સવારે તથા સાંજના પરમ મંગલકારી પૂજ્ય ગુરુદેવશ્રીના અદ્‌ભુત

ટેઈપ-પ્રવચનો ઉપરાંત તત્ત્વપ્રેમી વિદ્વાનોના—શ્રી હિંમતભાઈ ડગલી, ડૉ. પ્રવિણભાઈ
દોશી, શ્રી પ્રાણભાઈ કામદાર, શ્રી જ્ઞાનચંદજી ( દિલ્હી ), શ્રી મનુભાઈ કામદાર
( વડોદરા )ના આધ્યાત્મિક પ્રવચનો રાખવામાં આવતા હતા. છેલ્લા દિવસોમાં
અધ્યાત્મસ્રષ્ટા કરુણાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીના નાઈરોબીના વિડિયો-ટેઈપ પ્રવચનો
તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ગુરુભક્તિભીની તાત્ત્વિક ચર્ચાની વિડિયો
-ટેઈપનો આનંદદાયક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે દેખીને શ્રી હીરાભાઈ
વિગેરે અનેક મુમુક્ષુઓ દ્વારા વિડિયો-સેટ વસાવવા માટે રૂપિયા સીત્તેર હજારની
દાનરાશિ જાહેર થઈ હતી.

⚙ જન્મજયંતીના માંગલિક દિને પ્રાતઃસ્મરણીય કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના
દર્શન-ભક્તિનો વહેલી સવારે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શ્રી પરમાગમમંદિરમાં
પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવ્ય ચિત્રપટ સમક્ષ ગુરુભક્ત મુમુક્ષુ સમુદાયે
ગુરુ-સ્તુતિ કરી હતી અને પૂજ્ય ગુરુદેવશ્રી જાણે સાક્ષાત્ આશીર્વાદ વરસાવતા હોય
એ રીતે, તેઓશ્રીએ માંગલિક ફરમાવીને સિંહનાદ દ્વારા કહ્યું કે 'તું પરમાત્મા છો
એમ નક્કી કર... તું પરમાત્મા છો એમ નક્કી કર...તું પરમાત્મા છો એમ નક્કી કર...
તું પરમાત્મા છો એમ નક્કી કર...અમે જ્યારે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની
ટોળી પણ સિદ્ધપણાને પામશે...'—જેનું શ્રવણપાન કરીને શ્રોતાજનો ધન્યતા
અનુભવી રહ્યા હતા.

ત્યાદ બાદ શ્રી જિનસહસ્રવસુનામ મંડલ વિધાન પૂજા અને તેની પૂર્ણતા બાદ
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જિનમંદિરે દર્શન-પૂજન કરવા પધાર્યા હતા
અને દર્શન-પૂજન બાદ તેઓશ્રીએ સ્વાધ્યાયમંદિરે પધારી કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેશ્રીના
ચિત્રપટ સમક્ષ ગુરુસ્તુતિ કરાવી હતી. અને માંગલિક ફરમાવ્યું હતું. ત્યારબાદ શ્રી
સમયસાર જિનવાણી તથા સમયસારના હાર્દ-પ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટની ભવ્ય
રથયાત્રા અત્યંત ભક્તિભાવ પૂર્વક નીકળી હતી.

રથયાત્રા બાદ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો-ટેઈપ બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના
સમાધિમંદિરમાં જે સ્ટેચ્યુ (-બાવલું,) રાખવામાં આવનાર છે તે શ્રી નાઈરોબી
દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા બનાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો. શ્રી
પ્રાણલાલભાઈ છગનલાલ દેસાઈ ( જોડા ) એ પૂજ્ય ગુરુદેવ પ્રતિ જન્મજયંતી અભિ-
વાદન સમર્પિત કરતાં આનંદોલ્લાસ પૂર્વક જાહેર કર્યું કે પૂજ્ય બહેનશ્રીની ૭૧ મી
જન્મજયંતી સોનગઢમાં દાદર અને બૃહદ મુંબઈના મુમુક્ષુઓ તરફથી ભવ્યરૂપે ઉજવ-
વામાં આવશે. નાઇરોબી દિ. જૈન મુમુક્ષુ મંડળના માનનીય અધ્યક્ષ શ્રી જેઠાલાલ
દેવરાજ શાહે જન્મજયંતી અભિવાદન સમર્પિત કરતાં પોતાના મંડળ તરફથી હર્ષોલ્લાસ
વ્યક્ત કરતાં કહ્યું કે નાઇરોબી મંડળને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની

સાધનાભૂમિ સોનગઢ અને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી જેમની સ્વાનુભૂતિનો ખૂબ મહિમા કરતા હતા તે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા તથા ભક્તિભાવ છે. મારો નમ્ર અનુરોધ છે કે બધા મુમુક્ષુઓએ આ ત્રણેમાં દૃઢ શ્રદ્ધાવાન બનીને સૌએ એક થઈ જવું જોઈએ, જેના લઈને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનની શોભા વધે. આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ શાહે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ જન્મ જયંતી અભિવાદનનું અત્યંત ભાવવાહી વક્તવ્ય રજુ કર્યું જે સાંભળીને મુમુક્ષુ સમાજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અનુપમ ઉપકારો પ્રત્યે અત્યંત ગદ્‌ગદ્‌ થઈ ગયો હતો. પોતાની નાદુરસ્થ તબિયત હોવા છતાં સાગરવાળા શેઠ શ્રી ભગવાનદાસજી જન્મ જયંતી–મહોત્સવ પ્રસંગે સોનગઢ આવ્યા હતા અને તેઓએ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ગદ્‌ગદ્‌ થઈને અતિ ભાવવાહી જન્મ જયંતી–અભિવાદન પ્રસ્તુત કર્યું હતું. શ્રી પ્રાણભાઈ કામદારે ( ઉત્સવ સમિતિ વતી ) અને શ્રી પદમચંદજી શર્રાફે ( આગ્રા ) ભાવવિભોર થઈને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને સાધનાભૂમિ સુવર્ણપુરી પ્રત્યે પોતાના ભક્તિભાવપૂર્ણ અહોભાવ વ્યક્ત કર્યા હતા. શ્રી રસિકભાઈ ડગલીએ ( ઘાટકોપર ) પોતાના ભાષણમાં 'સારા જહાઁનસે અચ્છા સોનગઢ તીર્થ હમારા'–એ આનંદકારી નારા દ્વારા સભાને હર્ષિત કરી હતી.

* જન્મજયંતીના હર્ષોપલક્ષમાં '૯૫' ના અંકમાં મુમુક્ષુઓ દ્વારા રૂ. ૭૨૦૦૦ ની દાનરાશિ જાહેર થઇ હતી. તે ઉપરાંત જન્મજયંતીના દિને વહેલી સવારના ગુરુ દર્શન–સ્તુતિ પ્રસંગે રૂ. ૩૨૦૦/–, જિનેન્દ્ર આરતી ખાતે રૂ. ૧૧૦૦/–, રથયાત્રાની ઉછામણીમાં રૂ. ૧૦,૦૦૦/–, ઉમરાળા જિનમંદિરમાં વૈશાખ સુદ બીજની કાયમી પૂજા ખાતે ૧૧,૦૦૦/–, સ્ટીલના વાસણો તથા ગાદલા આદિ કાયમી સગવડતા ખાતે રૂ. ૫૦,૦૦૦/–, પ્રશમ મૂર્તિ બહેનશ્રીના ચરણે આવેલી તથા હારના રૂપમાં આવેલી રકમ રૂ. ૧૨૧૧૫/– તેમજ શ્રી પંચમેરુ નંદીશ્વર જિનાલય, ધ્રુવનિધિ, સમાધિ મંદિર આદિ ખાતે આવેલી રકમો થઈને કુલ દાનરાશિ રૂ. ૪,૦૨,૭૦૦/– જાહેર થઈ હતી.

* આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા ભક્તિના સમયે પ્રસ્તુત કરવામાં આવેલ પૂજ્ય બહેનશ્રી દ્વારા રચિત તથા અન્ય ગુરુમહિમા અને અસાધારણ ભક્તિરસથી ભરપૂર ભજન સમગ્ર સમાજને પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતતાની ભાવનામાં નિમગ્ન તથા આનંદિત કરતા હતા. વઢવાણના દિગંબર જૈન યુવક મંડળે જન્મધામ ઉમરાળા તથા સોનગઢમાં સરસ ભક્તિ–કાર્યક્રમ દ્વારા ઉત્સવની શોભા વધારી હતી. ઘાટકોપર દિ. જૈન ભજન મંડળીએ પણ ઉત્સવની શોભા વધારવામાં સુંદર સહકાર આપ્યો હતો.

* વૈશાખ સુદ એકમના રોજ ૨૦ બસ અને ૫ મેટાડોર દ્વારા સકલ સમાજ પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદ લઈને ઉમરાળા ગુરુજન્મ ધામના દર્શનાર્થે ગયો હતો. ગુરુ જન્મધામમાં આપણા મુમુક્ષુ સમાજના આદરણીય અધ્યાત્મરસિક વિદ્વાન પં. શ્રી

હિંમતલાલભાઈએ જિનેન્દ્રસ્તુતિ તથા ગુરુભક્તિ કરાવ્યા બાદ સમાજને આ જન્મધામનો, આ પવિત્ર ભૂમિનો, જ્યાં અભ્યાસની શરૂઆત કરી હતી તે ધૂડિ-શાળાનો તથા જ્યાંથી ગૃહસ્થાવસ્થા ત્યાગીને સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરી હતી તે દરબારી વિશ્રાંતિગૃહનો સમુલ્લેખ કરીને, પૂર્વ ભવના સાતિશય સંસ્કારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના વૈરાગ્યપ્રેમ અને પ્રતિભાસંપન્ન બાલ્યાવસ્થાનો અતિ સંક્ષિપ્ત સુંદર પરિચય આપ્યો હતો, જે સાંભળીને ઉપસ્થિત મુમુક્ષુઓ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિ-ભાવથી ગદ્‌ગદ થઈ ગયા હતા. ખરેખર, પૂજ્ય બહેનશ્રીની મંગલમય પ્રેરણાથી સાકાર પામેલી આ દર્શન-યાત્રા ઘણી આનંદદાયી બની હતી.

❊ આ ગુરુ-જન્મ-જયંતી મહોત્સવના ઉત્સવપ્રેરણામૂર્તિ પૂજ્ય બહેનશ્રીની અંત-ર્ભાવના દ્વારા તેઓશ્રીએ તૈયાર કરાવેલાં 'કહાનગુરુ–જીવનદર્શન' ના ભાવવાહી ૧૨ ચિત્રપટ મુમુક્ષુઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ ૧૨ ભાવવાહી જીવન દર્શનનું સંક્ષિપ્ત વર્ણન આ પ્રમાણે છેઃ—

(૧) ઉમરાળા ગામમાં કહાનકુવરનું જન્મધામ, જ્યોતિષી જોષ જોવા આવે છે. તેજસ્વી બાળકને જોઈને સગાસંબંધીઓ પ્રસન્ન થાય છે.

(૨) ધૂડિ–નિશાળ, જ્યાં કહાન કુંવર શરૂઆતમાં જ 'सिद्धो वर्णसमाम्नायः' એ પાઠ શીખ્યા હતા. આ ચિત્રના બીજા ભાગમાં—પૂર્વના ધર્મસંસ્કારી કહાનકુંવરનો 'ગારિયાધાર' ગામની નિશાળમાં આત્મજ્ઞાનહેતુશૂન્ય સંસ્કૃત ભાષાના અભ્યાસમાં મન લાગતું નથી.

(૩) પાલેજમાં દુકાન પર પણ વેપારની ઉપેક્ષાપૂર્વક કહાનકુંવર ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરી રહ્યા છે.

(૪) કહાનકુંવર નાટક જોતા હતા પરંતુ હૃદય વૈરાગ્ય ભાવથી દ્રવી ઉઠતું હતું. એક વાર 'રામલીલા' જોઈને વૈરાગ્યરસસ્યન્દી એક કાવ્ય સહજ બની ગયું. દીક્ષા લેવાના ભાવ હોવાથી યોગ્ય ગુરુની શોધમાં પ્રવાસે નીકળે છે.

(૫) ખુશાલભાઈ સમક્ષ દીક્ષાની અનુજ્ઞા. ઉમરાળામાં હાથીના હોદ્દા ઉપર દીક્ષાનું ભવ્ય જુલુસ. દીક્ષાવિધિ સ્થળ–રાજ્ય વિશ્રાંતિગૃહ.

(૬) 'સ્ટાર ઓફ ઇન્ડિયા' નામના સોનગઢના જૂના મકાનમાં એકાંત સ્થાનમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ફોટા સમક્ષ 'પરિવર્તન' તથા તે મકાનમાં જ્ઞાનધ્યાનરત કહાન ગુરુદેવ.

(૭) પરમ પૂજ્ય ગુરુદેવનું નિવાસ તથા પ્રવચન સ્થળઃ સ્વાધ્યાયમંદિર. પરમ પૂજ્ય ગુરુદેવ સ્વાધ્યાય-ધ્યાનખંડમાં સ્વાધ્યાય–ધ્યાનરત; પ્રવચનખંડમાં પ્રવચન દેતા; વૃક્ષની નીચે સ્વાધ્યાયરત.

(૮) સોનગઢમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું વ્યાખ્યાન, શ્રોતાઓ તથા ગુરુદેવશ્રીના પ્રતાપે વિશાળ શાસ્ત્રભંડાર.

(૯) શ્રી સીમંધરસભામાં વિદેહના ગુણીયલ રાજકુમાર અને ભરતના કુંદકુંદાચાર્યદેવ. શ્રી સીમંધરપ્રભુ તથા શ્રી કુંદકુંદ યોગીરાજ પાસેથી ઉપલબ્ધ જ્ઞાનનો પ્રવાહ ગુરુદેવ દ્વારા દેશવિદેશમાં પ્રસારિત થવા પામે છે અને અધ્યાત્મજ્ઞાનનો યુગ સર્જાય છે.

(૧૦) પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે નિર્મિત જિનમંદિરો, પંચકલ્યાણક, જિનેન્દ્ર રથયાત્રા; ગુરુદેવશ્રીના કરકમળો દ્વારા જિનેન્દ્ર અંકન્યાસવિધિ, પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે જ્ઞાયક તથા જિનેન્દ્રમહિમાભરપૂર ભાવવાહી પ્રવચન.

(૧૧) વિશાળ સંઘ સહિત પૂર્વ-ઉત્તર ભારતના તીર્થોની અનુપમ યાત્રા; વિભિન્ન નગરોમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવભીના અદ્ભૂત સ્વાગત તથા પ્રવચન (સં. ૨૦૧૩).

(૧૨) અધ્યાત્મયુગપ્રવર્તક પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનકિરણ ભારતમાં તથા વિદેશોમાં પ્રસરી ગયા. દક્ષિણ ભારતમાં સંઘ સહિત તીર્થયાત્રા.

—'કહાનગુરુ–જીવનદર્શન'ના ઉપરોક્ત સર્વે ચિત્રો ઉત્તમ તથા આકર્ષક છે જ; તેમાં પણ ચિત્ર નં. ૯ તથા નં. ૧૨ મુમુક્ષુઓના ચિત્તને વિશેષ આકર્ષિત કરતા હતા. મુમુક્ષુઓ પ્રસન્ન થઈને હર્ષ વ્યક્ત કરતા હતા કે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી સ્વાનુભૂતિથી વિભૂષિત તો છે જ પરંતુ તેઓશ્રીની 'કહાનગુરુ–જીવનદર્શન'ને વિભિન્ન ભાવવાહી ચિત્રોમાં સંકલિત કરવાની બાહ્યકલા પણ અત્યંત આશ્ચર્યકારી છે.

✻ આ ઉપરાંત પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન ચરણચિહ્ન પણ આ ઉત્સવનું આકર્ષણકેન્દ્ર બન્યા હતા. આ ભારતભૂમિને અધ્યાત્મજ્ઞાન વડે ૯૧-૯૧ વર્ષની ઉંમર સુધી પાવન કરી તેના પ્રતીકરૂપે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૧ ચરણચિહ્ન તેઓશ્રીના આવાસકક્ષમાં, સ્વાધ્યાયમંદિરમાં તથા પરમાગમમંદિરમાં પ્રવચનની બેઠક પર લગાવવામાં આવ્યા હતા. પૂજ્ય બહિનશ્રીની અંતર્ભાવના દ્વારા પ્રસ્તુત આ ચરણચિહ્ન એટલા ભવ્ય અને ચિત્તાહ્લાદક લાગતા કે જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી સ્વર્ગેથી વિદેહમાં—શ્રી સીમંધરસ્વામીના સમવસરણમાં જતી વખતે પોતાની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં સ્વયં સાક્ષાત્ પધાર્યા હોય. દર્પણમાં ૧૬ કમલકર્ણિકાની મધ્યમાં કુમકુમવર્ણા આ ચરણચિહ્ન મુમુક્ષુ-હૃદયને અત્યંત આહ્લાદિત કરતા હતા.

✻ આ ઉત્સવમાં લગાડવામાં આવેલા પૂજ્ય બહેનશ્રીના ગુરુભક્તિ તેમ જ અધ્યાત્મરસ ભર્યા વાકયામૃતથી સુશોભિત ચાકળાઓ ધ્યાન-આકર્ષક બન્યા હતા. કમ્પાઉન્ડમાં દાખલ થતાં જ શ્રી માનસ્તંભ પર લગાડેલ 'મહાપુરુષ જ્યાં વિચર્યા હોય કે જ્યાં વાસ કર્યો હોય તે ભૂમિ તીર્થસ્વરૂપ છે. ગુરુદેવે સોનગઢના કણ-કણ પાવન કર્યા છે, અહીં વર્ષો સુધી વાસ કર્યો છે, વાણી વરસાવી છે. તેથી આ ભૂમિ પાવન

તીર્થ છે'—આ ભાવવાહી વાક્યામૃતનો ચાકળો જાણે મુમુક્ષુઓને આહ્‌વાન કરતો હતો....'વિભાવથી ભિન્ન હું જ્ઞાયક છું; એમ સ્વભાવની ઓળખાણ વડે અંતરમાં ચૈતન્ય પર દૃષ્ટિ કર, તેનું જ્ઞાન કર ને તેમાં લીનતા કર તો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ, થાય. આ બધો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવ્યો છે. ગુરુદેવનો અસીમ ઉપકાર છે. ...'મુક્તિનો માર્ગ અંતરમાં છે, બહાર નથી. આ વિષમ કાળમાં માર્ગ બતાવનારા એક ગુરુદેવ જ હતા. ગુરુદેવનો આ કાળે જન્મ થતા ઘણા જીવોને રુચિ ઉત્પન્ન થઈ. માર્ગ કોઈ જાણતું ન હતું. અભ્યંતરનો માર્ગ ગુરુદેવે બતાવ્યો.'...'ગુરુદેવથી સુશોભિત ધન્ય આ સુવર્ણપુરી! ગુરુદેવ પરમ પુરુષ હતા. તેઓની વાણી ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શું વાત! તેઓના પુણ્યની પણ શોભા ન્યારી. ભરતક્ષેત્રના ભાગ્ય કે ગુરુદેવે અહીં જન્મ લીધો'—આવા ગુરુભક્તિ તેમ જ તત્ત્વરસ-સભર વાક્યામૃત બધાને ફરી ફરીને પોતાની તરફ આકર્ષિત કરતા હતા.

* આ આનંદોત્સવના સુઅવસરે શ્રી જિનમંદિર, શ્રી પરમાગમમંદિર, શ્રી માનસ્થંભ, સ્વાધ્યાયમંદિર આદિ વિશેષ પ્રકારે વિવિધરંગી વિદ્યુત-જ્યોતિ વડે સુશોભિત કરવામાં અમદાવાદનિવાસી શ્રી કનુભાઈ રતિભાઈ હોલકરે સંસ્થાને પૂરેપૂરો સહકાર આપ્યો હતો.

* ઉમરાળા—ગુરુજન્મધામની દર્શનયાત્રા માટેના વાહનોની નિઃશુલ્ક વ્યવસ્થા શ્રી ધીરજલાલ ભાયલાલ ડેલીવાળા (મલાડ) તરફથી કરવામાં આવી હતી.

* ઉમરાળા—ગુરુજન્મધામની દર્શનયાત્રાના ઉપલક્ષમાં શ્રી સૂરત દિ. જૈન મુમુક્ષ મંડળ તરફથી યાત્રીઓને કુટુંબદીઠ સ્ટીલની ડીસ ભેટ આપવામાં આવી હતી.

* આ મંગલ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી લાભુબેન છોટાલાલ ભાયાણી લાઠીવાળા તરફથી ૨૦% તેમજ કમળાબેન અમૃતલાલ મેઘાણી (હસ્તે શ્રી દિનેશભાઈ તથા શ્રી જયવંતભાઈ મેઘાણી) તરફથી ૧૦% કિંમત ઘટાડાથી પુસ્તકોનું વેચાણ રાખવામાં આવ્યું હતું.

* આ મહોત્સવના પ્રથમ દિવસે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચન બાદ આરોન (M. P.) નિવાસી કુમારિકા સુધાબેન તેમ જ દમોહ (M. P.) નિવાસી કુમારિકા કુંતીબહેને શ્રી સમયસાર જિનવાણી તેમજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ સકલ મુમુક્ષુ સમાજની ઉપસ્થિતિમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની આજીવન બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞાની ટેપ દ્વારા આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી. માત્ર આત્મહિતહેતુ નિવૃત્તિ માટે અંગીકાર કરવામાં આવેલ આ બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા બદલ બન્ને બહેનોને અભિનંદન.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવવાનું અમૂલ્ય સૌભાગ્ય પ્રાપ્ત થવાના હર્ષોપલક્ષમાં :-

રૂા. ૧૧૧૧૧ શ્રી ઝવેરીબેન પુરુષોત્તમદાસ કામદારનો પરિવાર ( દાદર )
રૂા. ૫૦૩૧ શ્રી મૂળવંતરાય ખીમચંદ જોબાલીયા પરિવાર ( કલકત્તા )
રૂા. ૫૦૦૧ શ્રી કેશવલાલ ખીમચંદ શાહ પરિવાર ( વઢવાણ શહેર )
—તરફથી શ્રી નંદીશ્વર જિનાલય આદિ વિવિધ ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* રૂા. ૩૧૦૦૦ શ્રી જયંતીલાલ બેચરદાસ દોશી ( ઘાટકોપર ) હસ્તે તેમના ધર્મપત્ની શ્રી હરકુંવરબેન તરફથી ધ્રુવફંડ ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની પ્રબળ પ્રેરણાથી ઉજવાયેલી ૯૫ મી ગુરુ-જન્મ જયંતીના ઉપલક્ષમાં તેઓશ્રી તરફથી '**પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત**'— ગુજરાતી આત્મધર્મના ગુરુ-જન્મજયંતી-અંકની સ્થાનિક ઘર દીઠ પ્રભાવના કરવામાં આવી હતી.

* વૈશાખ સુદ બીજના સવારે ટેપ-પ્રવચન બાદ "શ્રી અધ્યાત્મ પ્રવચન રત્નત્રય" પુસ્તકની પ્રકાશન-વિધિ રાખવામાં આવી હતી.

* રોજ સવારે ટેપ-પ્રવચન બાદ બ્રહ્મચારી બહેનો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકાર-ભક્તિ વ્યક્ત કરતા ભક્તિ-ગીતો ગવાતા હતા.

* તા. ૨૮-૪-૮૪ થી તા. ૧૨-૫-૮૪ સુધી રાખવામાં આવેલ ધાર્મિક શિક્ષણ વર્ગમાં, ઉત્તમ વર્ગમાં બ્ર. શ્રી ચંદુભાઈ જોબાલિયા તથા બ્ર. શ્રી વ્રજલાલભાઈ ( વઢવાણ ), પ્રથમ વર્ગમાં શ્રી ચીમનભાઈ કામદાર ( સોનગઢ ) તેમજ બાળવર્ગમાં બ્ર. શ્રી સુશીલાબેન જગજીવનદાસ શાહે આધ્યાત્મિક શિક્ષણ આપ્યું હતું, જેનો વિશાળ વિદ્યાર્થી સમુદાયે લાભ લીધો હતો. શિક્ષણાર્થીઓને ધાર્મિક પુસ્તકો તેમજ અન્ય ઈનામો આદરણીય પં. શ્રી હિંમતભાઈના શુભહસ્તે ભેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

* —એ રીતે અનેકવિધ ભક્તિરસભર ધાર્મિક કાર્યક્રમો દ્વારા ૯૫ મો જન્મ-જયંતી મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો હતો.

* જન્મજયંતીના રોજ સાંજે શ્રી એમ કે. ગાંધી ( લંડન ), શ્રી નેમિચંદજી પાટની, બ્ર. હેમચંદજી જૈન ( ભોપાલ ) આદિ મહાનુભવ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ, જિનાયતન તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દર્શને પધાર્યા હતા. શ્રી એમ. કે. ગાંધીએ પૂજ્ય બહેનશ્રી સમક્ષ પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે—'પૂજ્ય બહેનશ્રી! પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સોનગઢના દર્શન માટે ઘણા સમયથી ભાવના હતી, પરંતુ આવી શક્યો ન હતો. આ વખતે દૃઢ નિશ્ચય કર્યો હતો કે સોનગઢ અવશ્ય જવું છે.' પૂજ્ય બહેનશ્રીએ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકાર-મહિમા પૂર્વક ભેદજ્ઞાન તેમ જ શુદ્ધાત્મસામર્થ્યભરપૂર ભગવાન આત્માની અનુપમ મહિમા

સમજાવી હતી, તથા શીઘ્ર આત્મહિત કરી લેવાની પ્રેરણા આપી હતી. શ્રી એમ. કે. ગાંધીએ કહ્યું કે—'અહીં આવવાથી મને આનંદ થયો. અહીંની બધી રચના તેમ જ વ્યવસ્થા જોઈને પ્રસન્નતા થઈ. હવે કેટલાક વિદેશી વિદ્યાર્થીઓને સાથે લાવીને અહીં એક મહિનો રહેવાની ભાવના જાગૃત થઈ છે. કેટલાક મહિના પછી ફરી સોનગઢ આવીશ.'

* વૈશાખ સુદ દસમ શ્રી મહાવીર ભગવાનનો કેવળજ્ઞાન કલ્યાણકદિન તેમ જ માનસ્તંભનો માસિકદિન; વૈશાખ વદ છઠ્ઠ—શ્રી સમવસરણ મંદિરનો ૪૩ મો વાર્ષિક પ્રતિષ્ઠા દિન અને વૈશાખ વદ આઠમ—શ્રી સ્વાધ્યાયમંદિરમાં શ્રી સમયસારજીની સ્થાપનાનો ૪૭ મો વાર્ષિક દિન શ્રી જિનેન્દ્રપૂજા ભક્તિ આદિ વિશેષ કાર્યક્રમ દ્વારા ઉજવાયો હતો.

* જેઠ સુદ પાંચમ—શ્રુતપંચમીનો દિવસ શ્રી ષટ્ખંડાગમની વિશેષ પૂજા-ભક્તિ દ્વારા ઉજવવામાં આવશે.

* વૈશાખ વદ એકમના રોજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી જિનમંદિરે તથા સમવસરણમંદિરે દર્શન-પૂજન કરવા પધારતાં આનંદનું વાતાવરણ છવાઇ ગયું હતું.

* દેશભરના મુમુક્ષુ મંડળોએ અનેકવિધિ ઉલ્લાસપૂર્ણ ધાર્મિક કાર્યક્રમો દ્વારા લ્પમી જન્મ જયંતી અત્યંત ભક્તિ-ઉલ્લાસ પૂર્વક ઉજવ્યાના સમાચારો આવી રહ્યા છે.

* સોનગઢમાં બપોરના શાસ્ત્ર વાંચન બાદ પુરુષો માટે કાયમ નિયમિતરૂપે ધાર્મિક શિક્ષણ વર્ગ ચલાવવાનો સંસ્થાએ નિર્ણય કર્યો છે અને તે માટે શ્રી ચીમનલાલ તારાચંદ કામદારની નિયુક્તિ કરીને શિક્ષણ વર્ગ શરૂ કરવામાં આવ્યો છે.

* સુવર્ણપુરી તીર્થધામમાં રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્ર-પૂજન બાદ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર-ચરણાનુયોગ ચૂલિકા ઉપર અધ્યાત્મરસસભર ટેપ પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી પંચાસ્તિકાય ઉપર શાસ્ત્ર વાંચન, ભક્તિ, શિક્ષણ વર્ગ અને સાંજે શ્રી અષ્ટપાહુડ ઉપર આવવાહી શૈલીમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક પ્રવચન-એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

## વાર્ષિક લવાજમ:—

આગામી અંકથી-જુલાઈ ૮૪ થી આત્મધર્મનું નવું વર્ષ શરૂ થતું હોવાથી ગુજરાતી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ ૮૪ થી જૂન ૮૫ના નવા વર્ષનું લવાજમ રૂપિયા નવ સત્વરે મોકલી આપીને વ્યવસ્થામાં સહકાર આપવો.

## આત્મધર્મ અંક નં. ૪૮૬ની શુદ્ધિ :—

પાના નં. ૩૨ ઉપર ૧૨ મી લાઈનમાં રૂા. ૨૧૦૦ ને બદલે રૂા. ૨૧૦૦૦ સુધારીને વાંચવું.

## વૈરાગ્ય સમાચાર:—

* વાંકાનેરનિવાસી શ્રી દયાળજીભાઈ ઘેલાભાઈ ( વર્ષ–૭૫ ) તા. ૨૪–૨–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચુડાનિવાસી શ્રી ચંપાબેન પોપટલાલ ગોસળીયા (વર્ષ–૮૬) સોનગઢ ( નિવાસી શ્રી તારાબેન નંદરબારવાળાના માતુશ્રી ) તા. ૨૧–૩–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જાંબુડીનિવાસી બ્ર. લલીતાબેનના માતુશ્રી મંગુબેન ( વર્ષ ૮૨ ) તા. ૨૭–૩–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વડિયાનિવાસી શ્રી કંચનાબેન કેશવલાલ પંચમિયા ( વર્ષ–૬૨ ) તા. ૭–૪–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી શાહ અમૃતલાલ પદમશીભાઈ (વર્ષ–૬૩) તા. ૯–૪–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરાનવાસી શ્રી લીલાવંતીબેન શાંતીભાઇ વાઘર (વર્ષ–૬૪) તા. ૧૧–૫–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી ( હાલ સોનગઢ ) શ્રી મગનલાલ સુંદરજી મહેતા (વર્ષ ૮૫ ) મુંબઈ મધ્યે તા. ૨૮–૪–૮૪ ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જિંદગીના છેલ્લા પાંત્રીશ વર્ષ પરમ પૂજ્ય ગુરુદેવની પાવન સાધનાભૂમિમાં–સોનગઢમાં રહ્યા હતા. તેમણે પરમ પૂજ્ય ગુરુદેવ સાથે અનેક તીર્થોની યાત્રાનો અનેરો લાભ લીધો હતો. તીર્થયાત્રા–પ્રયાણ પ્રસંગે ભીવંડીમાં તેમણે પરમ પૂજ્ય ગુરુદેવ તથા સકળ યાત્રાસંઘની આગતાસ્વાગતાનો અનુપમ લહાવો અનેક વાર લીધો હતો. છેલ્લે મુંબઈ જતી વખતે તેમને પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં પવિત્ર દર્શન તેમ જ તેમના શ્રીમુખથી 'માંગલિક' સાંભળવાનો વિશિષ્ટ લાભ મળવાથી તેઓ અતિ આનંદિત થઈ ગયા હતા. તેમના જીવનના છેલ્લા દિવસોમાં પણ તેમના પરિણામ સારા–ધર્માનુરાગમય–હતા. પરમ પૂજ્ય ગુરુદેવના કલ્યાણકારી સમાગમમાં ઉપાર્જિત કરેલા ધાર્મિક સંસ્કારો વડે તેઓ શીઘ્ર આત્મકલ્યાણ પામો એ જ તેમના આત્મા પ્રત્યે પવિત્રાંજલિ.

* મુંબઈનિવાસ શ્રી મનહરભાઇ પ્રાણભાઈ દેસાઈ જેતપુરવાળા ( વર્ષ–૬૧ ) તા. ૧૫–૫–૮૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા હતા. છેલ્લા દિવસોમાં ધર્માનુરાગમય સારા પરિણામ પૂર્વક તેઓ સ્વર્ગવાસ પામ્યા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓને દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણા જ શ્રદ્ધા-ભક્તિ હતા. તેઓ વીતરાગ ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. * *

—o—

# ❋ ગુરુ-જન્મ-વધામણા ❋

આવ્યા રૂડાં ગુરુ જન્મ વધામણા રે, લાખેણાં લાલના રે,
ઉજમ માતના બાળ સોહામણાં.
એના જન્મે તો હૈયાં થનગન્યા રે, દેવો ડોલી ઉઠ્યા રે,
અખીલ ભારતી આરતી ઉતારતી.

ભારતવર્ષનો અભ્યુદય ઉગીયો, પ્રકાશ પુંજનો અવતાર મીઠો.
વસુંધરા ઉમરાળા ધામે રે, ધર્મ પ્રવર્તક રે, ૐ ધ્વનિ લઈ આવ્યા આજે...
દેવચક્ર સમ મંગલ મુખડા નીરખતાં, માતપિતાએ જોઈને તેડાવ્યા,
આતો થાશે ધર્મચક્રવર્તી રે, જિનપતિ રે, એને વરદાન સરસ્વતી માતનાં...
જ્ઞાયકની ધૂનમાં મસ્ત યોગીશ્વરા, અશરીરી પદના ભણકાર લાધ્યા,
શ્રુતલબ્ધિ અનંતી પ્રગટી રે, શ્રુતકેવળી રે, એની તોલે ન આવે કોઈ જગમાં,
વેષ વાડાને ક્રિયાકાંડને, અસ્ત કર્યા આ ચૈતન્ય ભાણે,
ભેદજ્ઞાનથી અભેદતત્ત્વનો, ધ્રુવ ધામનો રે, ગાયો મહિમા મધુર મીઠા હલકે...
શાંત સુશોભીત સૌમ્યભરી મુદ્રા, સ્નેહપૂર્ણ નજરુંમાં અમૃત વરસતું,
દૈવી શક્તિ જ્ઞાયકમાં ઉલ્લસતી રે, આત્મધર્મ નીરે, જગને આપી સ્વાનુભૂતિ લ્હાણી,
જગતેશ્વરની જન્મ જયંતી, સ્વર્ણપુરીની શોભા વધારતી,
ગુરુદેવનો જયકાર ગાજતો રે, મઘમઘતો રે, જળહળતો જીવન જ્યોત પ્રસર્યો,
સ્વર્ગપુરી નથી બહુ દૂર સ્વામી, તુમ શક્તિ છે અપરંપારી,
આવો પધારો હે ગુરુ દેવા રે, દર્શન આપો રે, જયજયકાર થાય આ ભરતમાં,
ગુરુદેવનો બોલો જય જયકાર રે, એનું નામ મંગલ રે, એનુ સ્મરણ મંગલ રે
આવો પધારો હે ગુરુદેવા...
વર્ષ ૮૫ જન્મ જયંતી રે, અમ ઉરમાં રે, ઉદ્દીત કરજો સમ્યક્ની જ્યોત રે,
ભગવતી માતા સ્વર્ણની શોભા, ગુરુ જીવન આલેખન કરાવતાં,
એનાં અંતરમાં ભક્તિ ધોધ ઉછળ્યા રે, ગુરુ મહિમા રે, ગુરુદેવનો બોલો જયકાર રે.

—બ્ર. સુશીલાબેન, સોનગઢ

—o—

## * પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* બે-ચાર કલાક શાસ્ત્રનું વાંચન જોઈએ, એનું શ્રવણ જોઈએ, ચિંતવન જોઈએ. સત્ સમાગમમાં બે-ચાર કલાક ગાળવા જોઈએ. એ જેને નથી ને વેપાર ધંધાના લોહ-વાટમાં આખો દિવસ જાય છે એને તો એકલું પાપ છે...વેપાર આદિના લોહવાટના પાપભાવ આડે પુણ્યભાવના પણ જેને ઠેકાણાં નથી એ બધાં ઢોરમાં જવાના છે. પા-અડધો કલાક પૂજાદિ કરીને આખો દિવસ પાપના કાર્યોમાં રોકાય એમાં દિ' શું વળે ? હંમેશા બે વખત જમવાનું ને બે વખત ચા જોઈએ તેમ હંમેશા ચાર કલાક વાંચન આદિ કરવું જોઈએ. વાંચન-શ્રવણ-મનન આદિથી આત્માર્થને પોષણ આપવું જોઈએ.

* એક એક આત્મા એટલો મહિમાવાળો છે કે આખા બ્રહ્માંડની તુલનામાં ન આવે એવો એક એક આત્મા છે. સુખ શાંતિ આનંદ જ્ઞાન વીર્ય એવા અનંત અનંત ગુણરત્નોથી ભરેલો આત્મા, કેરી લાવો, રોટલા લાવો, પૈસા લાવો, આબરુ લાવો, એમ પરની પાસે ભીખ માગે એ એને લાજપ છે, કલંક છે. પ્રભુ ! તું કોણ છો ! એની તને ખબર નથી. એની ખબરું કરીને ત્યાં જા તો પ્રભુ તને આનંદ આવશે ને સંસારના દુઃખો ટળશે. આમ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા કહે છે.

* કોઈ છરી લઈને મારવા આવે તો ડર લાગે, સર્પને દેખે તો ડર લાગે, વીંછીને દેખે તો ડર લાગે, શત્રુને દેખે તો ડર લાગે, આકરાં રોગને દેખે તો ડર લાગે, પણ જે અનંતા ભવ કરાવનાર છે એવા મિથ્યાત્વ ભાવનો એને ડર લાગતો નથી. એ ડર જેને લાગે તે સ્વભાવનું શરણ શોધવા જાય.

* જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે ત્યાં અજ્ઞાની માને છે કે મેં રાગ કર્યો !—એ રાગનું કર્તાપણું મિથ્યાત્વ છે.

Licence No. 3
'Licensed to post without prepayment'

To,
356 A. Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012

If undelivered please return to:
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (કાનજીસ્વામીનું) PIN : 364 250

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN-364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250